# ચક્રવર્તી બ્રહ્મદત્ત

જીંબવાલા ગ્રંથમાળા

પુસ્તિકા : ૭ [ઈ. સ. ૧

કમલ પ્રકાશન

મુનિશ્રી ચન્દ્રશેખરવિજ

# જાંબૂવાલા ગ્રન્થમાળા પ્રવૃત્તિ

પ્રકાશક : **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૫૦૮૨/૩, બીજેમાળે, યાજ્ઞિક ઈન્સ્ટીટ્યૂટ સામે, રતનપોળના નાકે,
ગાંધીરોડ, **અમદાવાદ-૩૮૦ ૦૦૧.**

જે આર્યદેશ સંતો અને સજ્જનોની ભૂમિ ગણાતો હતો ત્યાં જ આજે એમની મોટી અછત વર્તાય છે. સમસ્ત વિશ્વને પ્રકાશ આપતાં આ દેશમાં જ અનાર્યતાનો અંધકાર ખાબકયો છે.

અર્થકામનાં સુખોની અગનભૂખમાંથી જ આવી આફતોના ઓળા આર્ય પ્રજા ઉપર ઊતરી પડયા છે.

બગડતી જતી પરિસ્થિતિને ગમે તેમ કરીને સમાલી લેવી જ રહી. આ ઉકળાટભર્યા મંથનમાંથી જ નાની પુસ્તિકાઓની માળાનું સર્જન થઈ રહ્યું છે.

લીંબડીના વતની શ્રી લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ જાંબૂવાલાના કુટુંબીજનોએ આર્થિક દષ્ટિએ થોડોક ટેકો કરી આપવાની તૈયારી તાડી અને......જાંબૂવાલા ગ્રંથમાળાના અન્વયે એક પછી એક સ્તિકા પ્રગટ થતી ગઈ. લગાતાર ચાર વર્ષ સુધીમાં–પ્રત્યેક વર્ષે ં પ્રકાશન કરીને અમે કુલ વીસ પુસ્તિકાઓ પ્રગટ કરી ીએ

કાઓ લોકહૃદયમાં એટલો બધો આદર પામી કે અમારે તેની ત્રણ ત્રણ આવૃત્તિઓ પ્રકાશિત કરવી પડી છે.

સખ્ત મોંઘવારીના કારણે આ વીસ પુસ્તિકાનું દરેકનું મૂલ્ય રૂા. ૧–૦૦ રાખવાની અમને જે ફરજ પડી છે તેનું ખૂબ જ દુઃખ છે પણ અમે આ વિષયમાં લાચાર છીએ.

શ્રી શાન્તિલાલ લક્ષ્મીચંદભાઈ જાંબુવાળા ગ્રન્થમાળા-૭

કમલ પ્રકાશન

# ચક્રવર્તી બ્રહ્મદત્ત

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૨૭

૧૯૭૧ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય ૫-૦૦
૧ સોળ ભાવનાઓ
૨ જૂની પેઢીને
૩ બોધકથાઓ
૪ ઊઠ, જાગ. મુસાફીર !
૫ જૈનં જયતિ શાસનમ્

---

૧૯૭૨ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય : ૫-૦૦
૬ મૂંઝવતા પ્રશ્નો
૭ ચક્રવર્તી બ્રહ્મદત્ત
૮ આચારઃ પ્રથમો ધર્મ્મઃ
૯ આપણી સંસ્કૃતિ
૧૦ વિકાસનું મહાભિયાન

---

૧૯૭૩ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય : ૫-૦૦
૧૧ અંધભક્તિ, પશ્ચિમની
૧૨ ત્રણ વાર્તાઓ
૧૩ દંભ-૧
૧૪ દંભ-૨
૧૫ જરા, કાન દઈને મને સાંભળો

---

૧૯૭૪ની સાલની ગ્રન્થમાળાની
પાંચ પુસ્તિકાનો સેટ
મૂલ્ય : ૫-૦૦
૧૬ ચાલો, જીવન પલટીએ
૧૭ સંસાર
૧૮ નિશ્ચયઃ વ્યવહાર
૧૯ આ માસનો શ્લોક
૨૦ મોની કથાઓ

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩, બીજે માળે,
રતનપોળના નાકે,
યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે, ગાંધીરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
PHONE 30081

લેખક-પરિચય :
સિદ્ધાંતમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. આ. ભગવન્તશ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબના વિનેય મુનિશ્રી
ચન્દ્રશેખરવિજયજી

પ્રથમ સંસ્કરણ : નકલ ૨,૦૦૦
વિ. સં. ૨૦૨૮
દ્વિતીય સંસ્કરણ : નકલ ૨,૦૦૦
વિ. સં. ૨૦૨૯

તૃતીય સંસ્કરણ : નકલ ૨૦૦૦
વિ. સં. ૨૦૩૩ કાર્તિકી પૂર્ણિમા
વીર સં. ૨૫૦૩, તા. ૬-૧૧-૧૯૭૬

સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
મામુનાયકની પોળ, અમદાવાદ.

મૂલ્ય રૂ. ૧=૦૦

[૧]

એ નગરીનું નામ હતું વારાણસી. રાજાનું નામ હતું શંખ.

મહારાજા શંખ અત્યન્ત ન્યાયી હતા. રસ્તાનો રઝળતો ભિખારી પણ ગમે તે સમયે એમની પાસે જઈને ન્યાય માંગી શકતો. દેશ–વિદેશમાં રાજા શંખના અટંકી ન્યાયની વાતો ફેલાઈ હતી. મહારાજા શંખ જેવા ન્યાયી હતા એવા જ શીલવાન હતા. સદાચારને તો એ જીવનનો પ્રાણ માનતા હતા. એક વાત એમના મનમાં ખૂબ સારી રીતે ઠસી ગઈ હતી કે રાજ્યને જો સુરાજ્ય બનાવવું હોય તો રાજા અને પ્રજા–બન્નેએ–ન્યાય અને સદાચારને સૌથી પ્રથમ મહત્ત્વ આપવું જોઈએ. વળી એની શરૂઆત રાજાથી જ થવી જોઈએ.

આથી જ મહારાજા શંખ પ્રજા પાસે ધન માંગવાને બદલે નીતિ અને સદાચાર માંગતા હતા.

રાજા અને પ્રજા વચ્ચે ભારે સુમેળ થઈ ગયો હતો, રાજાના દુઃખે પ્રજા દુઃખી હતી; પ્રજાના સુખે રાજા સુખી હતો. પણ લલાટના લેખને કોણ કળી શક્યું છે? ભાવીના ભૂગર્ભમાં પડેલા ભાવોને કોણ વાંચી શક્યું છે?

મહારાજા શંખના જ ઘરમાં હોળી સળગી ચૂકી. એમના અનેક મંત્રીઓમાં નમુચિ નામનો એક મંત્રી

હતો. મહારાણી સાથે એ પ્રેમમાં પડ્યો. મહારાજા શંખની પાકી કિલ્લેબંધી હોવા છતાં મંત્રી અને મહારાણીનો અનાચાર સતત ચાલતો રહ્યો.

હાય! પાપનો વિચાર જાગ્યા પછી પાપ આચરવાના રસ્તાઓ કેવા જડી જતા હશે? કુલવટનો વિચાર પણ કેવો મરી પરવારતો હશે?

પણ એ પાપ છૂપું ન રહી શક્યું. એક દિવસ ઉદ્યાનમાં ક્રીડા કરતું એ યુગલ મહારાજા શંખના જ હાથે ઝડપાઈ ગયું.

રાજા શંખના ક્રોધે માઝા મૂકી. ત્યાં ને ત્યાં ભૂતદત્ત નામના ચંડાળને બોલાવીને આદેશ કર્યો, "હમણાં જ આ નમુચિનો વધ કરી નાંખ." રાજા શંખ પોતાના મહેલમાં ચાલ્યા ગયા. નમુચિને લઈને ચંડાલ પોતાના ઘરે ગયો.

ભૂતદત્ત ચંડાલને બે દીકરા હતા; ચિત્ર અને સંભૂતિ. બે ય ઉપર ભૂતદત્તને અપાર સ્નેહ હતો. એના મનમાં એક વિચાર ઝબૂકી ગયો. 'આ નમુચિ મંત્રી જેવો વીણાવાદક વિશ્વમાં ય કદાચ શોધ્યો ન જડે, જો મારા બે દીકરાને એ કળા શીખવી દે તો મારું નામ અમર થઈ જાય ને? તો મંત્રીશ્વરને મારા ઘરના ભોંયરામાં જ સંતાડી દઉં? રાજા શંખ તો હવે સાવ વૃદ્ધ થઈ ગયા છે. એમને હું ગમે તેમ સમજાવી લઈશ.'

મનોમન વિચાર કરી લઈને ભૂતદત્તે પોતાની વાત નમુચિને જણાવી. જીવનનો લોભ કોને ન હોય? એણે એ વાત તરત સ્વીકારી લીધી.

નમુચિને ભોંયરામાં સંતાડી દેવામાં આવ્યા.

ભૂતદત્તના બે ય દીકરાઓ કળા શીખી રહ્યા છે. થોડા જ કાળમાં બે ય નિષ્ણાત વીણાવાદક બની ગયા.

પણ જેને પાપ વળગ્યું છે એને પાપ શી રીતે છોડી દે? દુરાચારી નમુચિની પરસ્ત્રીગમન કરવાની પાપિષ્ઠ વૃત્તિએ ચંડાળના ઘરમાં ય તોફાન કર્યું. રોજ ભોજન દઈ જતી ચંડાલણી સાથે જ એ પ્રેમમાં પડયો.

આ તે કેવો સંસાર! શું એ વિવેકને પણ ભુલાવી દે? શું એ મર્યાદાને પણ ચુકાવી દે? શું એ ખાનદાનીના વિચારને જન્મવા પણ ન દે?

એ સ્ત્રી કેવી કે જે પોતાના પતિનો વિશ્વાસઘાત કરે છે! એ માતા કેવી કે જે પોતાના બાળકોના જીવનનો લેશ પણ વિચાર કરતી નથી! કેવી એ ભોગની ભૂખ કે જે બધું ય ભુલાવી દે. અને બધાં ય પાપો કરાવી દે.

ચંડાલણી અને નમુચિનો પ્રેમ વધુ ને વધુ ગાઢ બનતો ગયો, બે ય ભાન ભૂલ્યાં. નમુચિ કુળ ભૂલ્યો; ચંડાલણી 'અધિકાર'નું વિજ્ઞાન ભૂલી.

પણ કર્મરાજને સ્નેહનાં આ પાપ મંજૂર ન હતાં.

અંધકારની ઓથમાં અને એકાંતના સંગમાં પોષાતા એ પાપને પ્રગટ કરી જ દેવા માંગતો હતો.

એક દિવસની વાત છે. રાજાના કોઈ કાર્ય માટે ચંડાળ ભૂતદત્ત બહાર ગયો હતો. પરંતુ કાર્ય પૂર્ણ નહિ થતાં તરત પાછો ફર્યો. મંત્રી અને ચંડાલણી આજે પ્રણયની પાપિષ્ઠ લીલામાં ભાન ભૂલ્યાં હતાં. પોતાની પત્નીને ન જોતાં ભૂતદત્તને શંકા પડી. ભોંયરા તરફ તે એકદમ ધસ્યો. જ્યાં ભોંયરાના દ્વારે આવીને ઊભો ત્યાં મંત્રી અને ચંડાલણીને બેઢંગી હાલતમાં પડેલાં જોયાં.

આ દશ્ય જોતાંની સાથે જ ભૂતદત્તની આંખો ક્રોધથી તગતગવા લાગી; હોઠ ફફડવા લાગ્યા; દાંત કચકચાવા લાગ્યો. જોરથી રાડ નાંખીને નમુચિ તરફ ધસ્યો. બેયની ઝપાઝપી થઈ. લાગ જોઈને નમુચિએ ચંડાળના પેટમાં જોરથી લાત મારી. ભૂતદત્ત ચીસ નાંખતો બેભાન બનીને જમીન ઉપર ઢળી પડયો. નમુચિ નાસી છૂટ્યો.

નાસતા–ભાગતા નમુચિએ એ દેશ છોડી દીધો. જ્યાં તેને કોઈ ઓળખે નહિ એવા દેશમાં એ પહોંચ્યો.

ત્યાં ચક્રવર્તી રાજા સનત્કુમાર રાજ્ય કરતા હતા. નમુચિએ તેમની પાસે પહોંચી જઈને પોતાની દક્ષતાથી રાજાનું મન જીતી લીધું. બહુ જ ટૂંકા સમયનાં સનત્કુમારના મહામંત્રીપદે નમુચિ ગોઠવાઈ ગયા.

આ બાજુ ભૂતદત્તનો સંસાર ખારો ઝેર બની ગયો. પત્નીની કુશીલતાને કારણે ઘરમાં ભારે કલેશ વ્યાપી

ગયો. યૌવનના ઉંબરે આવીને ઊભેલા ચિત્ર અને સંભૂતિ બે ભાઈઓ માતાપિતાના આ ક્લેશથી ત્રાસી ઊઠયા. એક દિવસ પરસ્પર વિચાર કરીને ઘરમાંથી નાસી છૂટયા.

નમુચિમંત્રીએ શીખવેલી વીણાવાદનની કળામાં બેય ભાઈઓ પાવરધા તો હતા જ. એટલે એ કળાને જ એમણે આજીવિકાનું સાધન બનાવ્યું.

જે ગામમાં એ જતાં; અને જ્યાં વીણા બજાવતાં ત્યાં લોકોનાં ટોળાં ઉમટતાં. યુવાનો દોડતા; પુરુષો દોડી આવતા; સ્ત્રીઓ પણ દોડી આવતી. કોઈ ઘરમાં ન રહેતું; કોઈ કામ ન કરતું.

રાત્રિ પડતી અને એ વીણાના સૂર વહેવા લાગ ... મધરાત થતાં તો વીણાની સુરાવલિઓ પૂરબ . મ ઝુમી જતી.

કાર્યક્રમ પૂર્ણ થતાં પૈસાનો વરસાદ વરસતો 'વાહ! વાહ!'ના વરસાદની તો હેલી જ નથી.

આમ બધી વાતે ચિત્ર–સંભૂતિને સારું હતું, પણ એક ઉપાધિ ઊભી થઈ હતી. વીણાના માદક સ્વરે એ સ્ત્રીઓને 'ઘેલું' લગાડયું હતુ. વીણાવાદન બંધ થાય તે પછી પણ સ્ત્રીવૃંદ ત્યાંથી ખસતું નહિ. ઘરભણી એમનો પગ ઉપડતો જ નહિ.

આ પરિસ્થિતિએ જુદો જ વળાંક પકડયો.

ગામના અગ્રણીઓ ભેગા થયા. પોતાની માતાઓ અને બહેનોના શીલની રક્ષાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત

કરતાં અગ્રણી વૃદ્ધપુરુષે સહુને જણાવ્યું, 'બે ચંડાળપુત્રો આપણા ગામમાં આવ્યા છે. રાત પડે છે અને એમની વીણાના સૂરો વહેવા લાગે છે, સંગીતઘેલી વનિતાઓ સરિતાના પાણીની જેમ દોડતી આવે છે. રાત વધતી જાય છે તો ય એ અદ્ભુત સંગીતની પક્કડમાંથી આપણી મા-બેનો છૂટી શકતી નથી. મહાનુભાવો! આ ખૂબ જ ગંભીર બાબત છે. મને મોટો ભય છે કે કોક દી આ ગામ કુશીલથી કલંકિત થઈ જશે. હાય! ગોઝારો કૂવો સારો પણ કલંકિત ગામ ભૂંડું! માટે આપ સહુ આ બાબત ઉપર ગંભીરતા સાથે વિચાર કરો.'

વૃદ્ધ પુરુષ બેસી ગયા. સભામાં ગણગણાટ શરૂ થયો. થોડીવાર બાદ એક પછી એક સભાજન ઊભો થતો ગયો અને પોતાનો અભિપ્રાય રજૂ કરતો ગયો.

કોકે કહ્યું, 'શીલ તો નારીના જીવનનું સૌદર્ય છે. એને કેમે ય નંદવાય નહિ. માટે આપણે સહુએ ઘરની સ્ત્રીઓને એ વાત સમજાવીને રાતે બહાર નીકળવાની મનાઈ ફરમાવવી જોઈએ.'

બીજાએ કહ્યું, 'ના....તેમ શા માટે કરવું? પેલા વીણાવાદકોને જ જણાવી દઈએ કે તેઓ પોતાના ધંધાની ઓથ લઈને બીજા કોઈ ગોરખધંધા આ ગામમાં ન કરે.'

ત્રીજાએ કહ્યું. 'એમ કહેવાથી કાંઈ ન વળે. અરે! પુરુષ તો પતંગ છે પતંગ! અને નારીનું સૌન્દર્ય તો

આગ છે આગ ? એમાં ય વળી વીણાના સૂરોમાં સ્વેચ્છાએ તણાયેલી નાર ! હાય ! પછી તો બાકી જ શું રહે ?'

ત્યાં વળી કોક ઊભો થઈને બોલી ઉઠયો, 'તો એમ કરો....આપણી સ્ત્રીઓને જ અનાસક્ત રહેવાનું સમજાવી દઈએ. પછી કોઈની તાકાત નથી કે એમને બનાવી જાય.'

થોડી વાર સુધી તો સભામાં હોહા મચી ગઈ. એક અગ્રણી પુરુષે ઊભા થઈને સહુને શાન્ત પાડયા. ગંભીર સ્વરે તેમણે જણાવ્યું, 'સભાજનો ! હવે મારી વાત સાંભળો. તમને બધાને જચશે તો જ આપણે એનો અમલ કરીશું.

વાત એમ છે કે જીવમાત્ર નિમિત્તને આધીન છે. સારામાં સારા દૂધને ય તેજાબનો સંગ થાયને તો તે તરત ફાટી જાય છે ! અને જો એમાં જ મેલવણ નાંખવામાં આવે તો એ જ દૂધનું દહીં બની જાય છે. જો મીણ આગ પાસે જાય તો જ ઓગળી જાય; પણ આગનો સંગ પામે જ નહિ તો એ ઓગળે પણ નહિ જ.

માટે મારી તો એવી ઇચ્છા છે કે આપણે આ વીણાવાદકોને આપણા ગામમાંથી વિદાય આપી દઈએ. શીલના ભંડારસમી આપણી મા–બેનોને આપણે કોઈ પણ સંભવિત કલંકના પડછાયાથી પણ બચાવી લઈએ. હા...વીણાવાદકો અહીંથી ચાલ્યા જવા માટે તૈયાર તો નહિ જ થાય.

પણ આપણા પ્રજાપાલક રાજા પાસે આપણે આ વાત મૂકીએ. તેમના દ્વારા આપણું કાર્ય સુપેરે પાર ઊતરી જશે. બોલો ભાઈઓ! મારી વાત તમારા મગજમાં બેસે છે?'

'હા...હા...' 'તદ્દન બરોબર...' 'એમ જ કરો....' જાતજાતના અવાજો સભામાંથી આવવા લાગ્યા. છેવટે એ મુજબ નિર્ણય કરીને સભા વિખરાઈ ગઈ. સવાર પડતાં જ અગ્રણીઓનું મહાજન રાજા સમક્ષ ઉપસ્થિત થયું.

રાજ્યકાર્યથી પરવારીને મહારાજાએ ઉપસ્થિત થયેલા મહાજન તરફ અમી વરસાવતી નજર કરી. તેમણે પૂછયું, 'કેમ આવ્યા છો? મારું જે કાંઈ કામ હોય તે વિના સંકોચે મને જણાવો. રાજ્ય તમારું જ છે; હું તે માત્ર એનો રખેવાળ છું.'

મહાજનના અગ્રણી વિજયશેઠે સઘળી વાત કરી. સાંભળતાંની સાથે જ મહારાજાએ કહ્યું. 'એ વીણાવાદકોને હદપાર કર્યે જ છૂટકો છે; શીલ તો નારીનું સર્વસ્વ છે; કોઈ પણ લોભામણા નિમિત્તે શીલનું ખંડન કદી થવા દેવાય નહિ. આપણા આર્યદેશમાં તો શીલ સાચવવા માટે જીવનનો અંત લાવી દેવા સુધીની સ્પષ્ટ આજ્ઞાઓ ક્યાં નથી? વળી નારીનો દેહ સદા ય શીલથી શોભતો રહે એ માટે જેમ પુરુષે કાળજી કરવાની છે તેમ રાજ્યે પણ કાળજી કરવાની છે.

'મહાજનો ! હું હમણાં જ એ વીણાવાદકોને આ નગરમાંથી હદપાર કરી દેવાનો આદેશ કરું છું.'

ખૂબ સંતોષ પામીને મહાજને વિદાય લીધી.

એ રાત્રીએ કોઈએ વીણાવાદકોને જોયા નહિ.

એક સમયની વાત છે. એ જ નગરમાં કૌમુદી મહોત્સવ યોજાયો. દૂરના શહેરોમાં ફરતા વીણાવાદકોની બાંધવ-બેલડીને એ વાતની જાણ થઈ. આ મહોત્સવમાં ગુપ્તવેશે પહોંચી જવાનું દિલ કેમેય રોકી શકયા નહિ. બુરખો પહેરી લઈને બેય સંગીતસમ્રાટો એ નગરમાં પ્રવેશી ગયા.

નગરના સંગીત-ઉસ્તાદોએ પોતાની સઘળી કળા કામે લગાડી દઈને આજે તો કમાલ કરી નાંખી. સહુના મોંમાંથી ઉદ્ગારો સરી પડયા....'અદ્ભુત !'

એ વખતે આગંતુક વીણાવાદકો તરફ નજર કરીને કોક નગરજને તેમને પૂછયું, 'તમે કાંઈ જાણો છો ? અમને ન સંભળાવો ?'

'જરૂર સંભળાવીએ.' એટલું કહીને બુરખાધારી બંધુઓએ વીણા હાથમાં લીધી. રાત જામતી ગઈ તેમ વીણા પણ અનોખી ચાલ પકડતી ચાલી. પૂર્વના બધાય કલાસમ્રાટો સાવ જ ફીક્કા પડી ગયા ! સહુએ એકી અવાજે એ વીણાવાદકોને વધાવી લીધા !

નારીઓના વૃંદ ઉપર તો જાણે કોઈ અજબગજબનું વશીકરણ થઈ ગયું.

એટલામાં ટોળામાંથી કોઈનો અવાજ આવ્યો. 'અરે! ભાઈ! કલાદેવીના આવા અઠંગ ઉપાસકોને 'અજ્ઞાત' શા માટે રહેવા દો? આ તો આપણા ભારતનાં અજોડ કલારત્નો છે! શા માટે એમને ગુપ્તવાસની જરૂર પડે? એઓ ન ઇચ્છે તોય એમનો બુરખો દૂર કરીને આપણે તેમનું અજોડ બહુમાન કરવું જોઈએ.'

અને તરત જ એક યુવાને દોટ મૂકી. જોતજોતામાં બેય બરખા ખેંચી નાખ્યા....

ભ્હો ફાટયો હતો! મોં જોતાં જ સહુના મોંમાંથી 'આહ' નીકળી પડી.

'રે! આ તો ચંડાળપુત્રો! હાય! આપણે તો કલાદેવીને અભડાવી!' અનેકોના મુખમાંથી અરેકારો નીકળી ગયો.

યુવાનો રોષે ભરાયા. 'મારો, મારો! કહેતા એ ચંડાળપુત્રો–ચિત્ર અને સંભૂતિ તરફ ધસી ગયા. ખૂબ ટીપ્યા! ખૂબ સંતાપ્યા!

★

## સોનાની થાળીમાં લોઢાની મેખ [૨]

એકાએક આવી પડેલા આક્રમણથી બેય કલારસિકો બહાવરા બની ગયા. માંડમાંડ છૂટકારો મેળવીને; જીવ લઈને નાઠા.

દોડતાં દોડતાં એક વન આવ્યું. ભૂખ્યા અને તરસ્યા કોઈ ઘેઘૂર વડલાની શીળી છાંયડીમાં બેઠા. બાજુમાં જ નદી વહી જતી હતી. બન્નેએ ખોબે ભરીને પાણી પીધું.

વડીલબંધુ સંભૂતિનો આત્મા અત્યંત સંતાપી ઊઠ્યો હતો! એને આ અપમાનની પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ હતી.

પણ કાંઈક સ્વસ્થ હતો લઘુબંધુ ચિત્ર! વનની પ્રકૃતિનું દર્શન કરવામાં એનું મન ઓળઘોળ બની ગયું હતું. થોડી પળો વીતી. એ બોલ્યો, 'મોટાભાઈ! આખી નગરીએ આપણને જાકારો દીધો પણ તોય પ્રકૃતિના ખોળે આપણને શરણું મળ્યું! આ ઊભા વડલાએ આપણને છાંયડી દીધી! ઓલી સરિતાએ પાણી પાયું. અને આ દોડી આવેલાં બાળ હરિણોના મુખ ઉપર સહાનુભૂતિની કેવી સૌમ્ય ટીશીઓ ફૂટી નીકળી છે! વાહ રે વાહ! માનવને પણ નહિ ચાહતા લોકો નાગરિક કહેવાય છે! અને તરણાં ખાંઈને જીવતાં આ હરિણો જંગલી કહેવાય છે! રે! વિધિ તારી કરામત!'

પણ સંભૂતિના સંતાપની ભડકે જલતી અગન-જ્વાળાઓ બે ચાર શબ્દોના પાણીની આવી પીચકારીથી શે ઠરી જાય!

એના હૈયાની ધગધગતી ધરામાંથી ક્રોધનો લાવારસ પ્રજ્વળી ઊઠ્યો! સમગ્ર જગતને ધિક્કારતી વાણીના વાઘા

સજીને એ પ્રગટી ગયો! સામાન્યતઃ શાંત ગણાતા ચિત્રને પણ એ આગ અડી ગઈ. એનુંય અંતર પ્રજ્વળી ઊઠયું. પણ બેય લાચાર હતા! પેલી દુનિયાના માંધાતાઓ કે મદોન્મત્તોને નાની સરકડી ફટકારવાની સજા કરવા માટે પણ તે અસમર્થ હતા!

શું કરવું ? થાકેલા, કંટાળેલા અને ઉકળી ઊઠેલા ભાવોના ઘસારાનાં અનેક મિશ્રણો મગજમાં થયાં........ વમળો જાગ્યાં! અને.... ઊંચા આભને અડતા કોઈ પર્વતની ધારે પહોંચવા બેય ભાઈઓએ પગ ઉપાડયો.

કેવો છે આ સંસાર! સુખમાંથી દુઃખમાં અને દુઃખમાંથી સુખમાં સરકવાનું જેના સ્વરૂપમાં જ લખાયેલું છે, છતાં કેવા છે સંસારીઓ! કે એમને એ સ્થિતિ જ મંજૂર છે! કર્મના અણુઓના ભયાનક વંટોળમાં ઝડપાયેલો આત્મા કયા મોઢે સદાની મોજ માણવાની અપેક્ષા રાખતો હશે! રાગરોષનાં તોફાનોથી ભરેલા આ સંસારમાં દુઃખ જ સહજ છે ને! સુખ મળી જાય એ તો ઘણું મોટું સદ્નસીબ ગણાય!

હાય! અગણિત પાપો કરનારો સુખની આશા જ શી રીતે રાખતો હશે!

બાવળીઆ વાવનારને કેરીના ઝુમખાનાં દર્શન કરવાં છે ? અસંભવ...!

ચિત્ર અને સંભૂતિનાં જીવન જન્માંતરના કોક પાપની આગે લપેટાઈ ચૂકયાં હતાં. હવે કોઈએ

અકળાવાની જરૂર ન હતી; ઉકળાટ કરવાથી કોઈ અર્થ સરે તેમ ન હતો. પરંતુ એમને કોઈ ગુરુજન મળ્યા નહિ, એથી જ જીવનના આ ત્રાસ, તિરસ્કાર અને ધિક્કારના દુઃખનો અંત (!) લાવી દેવા માટે ઊંચા કોઈ પર્વતની ધારેથી ઝપાપાત કરવાનો એમણે સંકલ્પ કરીને પ્રયાણ આરંભી દીધું હતું.

કેટલોક પંથ કપાયો. ઊંચા આભને જાણે અડતી હોય એવી પર્વતમાળાનું દર્શન થયું. મોતને ભેટવાના વિચારોની એક વાદળી થપાટ આપતી એમના મન ઉપર વરસી ગઈ! બેય ચંડાલપુત્રો પર્વત ઉપર ચડવા લાગ્યા. ઠેઠ ઉપર પહોંચી ગયા. નજર પહોંચાડી ન પહોંચે એવી ઊંડી ખીણ મોં ફાડીને ઊભી હતી. કોણ જાણે કેટલાયના એણે ભોગ લીધા હશે! કેટલા ય દુઃખીઓને શિર શાન્તિના નામે આ મહામાયાએ ભોળવ્યા હશે!

મૂંગા ચાલ્યા જતા બે ય બંધુઓના અંતરમાં સાગરશી ગંભીરતા સ્થિર થઈ ચૂકી હતી. બધી વાતની તૈયારી એમણે કરી લીધી હતી; પણ...કર્મના ગણિતમાં આ બે બંધુઓની જીવનમાંથી બાદબાકી અત્યારે મંજૂર ન હતી.

કર્મભૂમિની દૂરવર્તી ક્ષિતિજોમાં શું બનવાનું છે એની કલ્પના સામાન્યજન તો કયાંથી કરી શકે? કોક વાર જીવનારો ય મોતના મુખમાં ઝડપાઈ જાય છે! અને મરનારો ઉગરી જાય છે!

હિટ્લરને બનવું હતું અચ્છા લાકડાફાડુ !

નેપોલીઅનને બનવું હતું મહાન ચિત્રકાર !

ગોલ્ડસ્મિથને થવું હતું મહાન સર્જક ! અને કોણ શું બની ગયો ! બિલ્વમંગળ સૂરદાસ થઈ ગયા ! મરીચિ, પરમાત્મા મહાવીર બની ગયા ! અને મહામુનિ કંડરિક સાતમી નારકનાં પાતાળોમાં ચીસો પાડવા લાગી ગયા ! કર્મરાજને એ બે બાંધવોનું મરણ મંજૂર ન હતું. હજી તો એને દેવું હતું; દીર્ઘ જીવન ! અને પછી એટલું મોટું અંતર પાડવું હતું એ બે બંધુઓ વચ્ચે કે જેની કલ્પના કરતાં ય મગજને થાક લાગી જાય ! પર્વતની ટોચે બે ય બંધુઓ જેવા પહોંચ્યા કે એમણે એક ધ્યાનસ્થ મહાત્માનાં દર્શન કર્યાં.

પ્રશાન્ત મુદ્રા હતી. ચિદાનંદની મસ્તીનો ઓઘ ઉછળતો હતો એમના વદન ઉપર ! લલાટ ઉપર તપનાં તેજ પ્રસર્યાં હતાં...દેહયષ્ટિ ઉપર આધ્યાત્મભાવોનું ઓજ સર્વત્ર વ્યાપી ગયું હતું. આવેશના લાવાથી ઊકળતા બે ય બંધુઓનાં મન અને નયન આ મુનિના દર્શને ઠંડાંગાર બની ગયાં !

બે ય બાંધવોનું અંતર પુકારી ઊઠયું, 'અમે ઘણા શ્રીમંતો જોયા પણ આ મુનિવરના મુખ ઉપર જે મસ્તી દેખાઈ છે એ તો એ કુબેરોના ય મુખ ઉપર ક્યાંય ન જોઈ !'

સ્વર્ગલોકની અપ્સરાને ય પળભર ભુલાવી દે એવી રૂપસુંદરીના સ્વામીઓ ય જોયા, પણ એમના લલાટે ય આ આનંદની તો કોઈ સરવાણી ય ન ભાળી !

સત્તાના સિંહાસન ઉપર ભારે ઠસ્સાથી આરૂઢ થતા એ નરેન્દ્રોના દિમાગમાં–ક્યાંય–આ મહાત્માની મસ્તીનું તો ખાબોચિયું પણ જોવા ન મળ્યું. મુનિવરના લલાટ ઉપર એકીટશે જોતાં કેટલોક સમય પસાર થઈ ગયો. મુનિવરનું ધ્યાન પૂર્ણ થયું. અર્ધનિમિલિત નેત્રો ઊઘડી ગયાં. પ્રસન્ન વદને 'ધર્મલાભ'ના આશીર્વાદ બેય બંધુઓને આપ્યા.

સઘળાં ય સુખોને દે છે પુણ્ય ! પણ પુણ્યના બે પ્રકાર છે. એક પાપ કરાવતું–પાપી–પુણ્ય; બીજું ધર્મબુદ્ધિ જગાડતું ધર્મી પુણ્ય.

પાપી પુણ્ય સદા માટે ત્યાજ્ય ! કદી પણ ન ઇચ્છવા જેવું...કેમકે પાપ કરાવીને એ દુર્ગતિમાં તાણી જાય.

સદા ઇચ્છવા જેવું તે ધર્મી પુણ્ય છે કે જેના ઉદયમાં ચકચૂર ભોગસામગ્રી મળે તો ય એનાથી પતન તો ન જ થાય, પરંતુ અનાસક્તિનો સાગર અંતરમાં હિલોળે ચડે. ભોગો ભોગવતાં ભોગવતાં એ પુણ્યનો નાશ થતો જાય અને પેલી અનાસક્તિ નવાં પાપ બાંધવા દે નહિ એટલે એ ભોગી છતાં યોગી બનીને મોક્ષમાર્ગ તરફ જ કૂચ કરતો હોય.

આવા પુણ્ય-કર્મની પ્રાપ્તિ ધર્મની જ થાય. આત્મામાં પડેલા જનમ જનમના રાગદ્વેષના કાળા સંસ્કારોને માંદા પાડવા અને અંતે મારી નાંખવા એનું જ નામ ધર્મ. જેનાથી આ સિદ્ધિ પ્રાપ્ત થાય તે ક્રિયાઓ; તે વાણી અને તે વિચારનું નામ પણ ધર્મ.

મુનિવરે 'ધર્મનો લાભ થાઓ!' એમ કહીને બેય ચંડાળપુત્રોને આશીર્વાદ આપ્યા. આ આશીર્વચન સાંભળતાં જ બેય બંધુઓની કાયામાંથી આનંદની એક લહરી દોડી ગઈ. નમસ્કાર કરીને મુનિવરની પાસે બેઠા, મુનિવરે સંસારની અસારતા સમજાવી. સૂક્ષ્મના પ્રચંડબળના કેન્દ્રશા એ બોલે થોડું; અને થાય ઘણું. સાધના પણ આનું જ નામ છે. ઝાઝા ધમધમાટે જો થોડું જ મળતું હોય તો તેને સાધના કેમ કહેવાય? મોક્ષમાર્ગનો ખરો સાધક તો તે કહેવાય કે જેની બાહ્ય નિષ્ક્રિયતામાંજ સમગ્ર જગતને તારવાની સક્રિયતા ઝૂમી ઊઠી હોય.

મુનિવરની દેશનાએ બેય બંધુઓ ઉપર અનુપમ અસર કરી. એ જ વખતે બન્નેએ સંસારનો પરિત્યાગ કર્યો. મુનિવેષ ધારણ કરી લીધો.

મુનિ થવાનો ભાવ પ્રાપ્ત થવો કઠિન છે. જો એની પ્રાપ્તિ થઈ જાય તો મુનિજીવનનો વેષ પ્રાપ્ત થવો એ કોઈ મોટી વાત નથી. વિરાગના રંગે રંગાયેલા નવદીક્ષિતોએ પોતાના જીવનના ભૂતકાળ તરફ નજર કરી. બેય ને લાગ્યું કે, જીવનની આ ઊજળી ચાદર પાપોના

કૂચડા લગાડી લગાડીને કાળી મેંશ કરી નાખી છે. હવે જો એ પાપોનું ધોવાણ કરવા માટે ઘોર તપ જપ કરવો જ જોઈએ. અને...એ મહાયજ્ઞ આરંભાઈ ગયો.

અતિ ભયાનક કક્ષાનાં પાપોને પણ બાળીને સાફ કરી નાંખવા માટે માત્ર તપ ધર્મ સમર્થ છે. બેય મુનિ-બંધુઓએ એનું શરણું લીધું. કર્મોના જંગી ઢેરનો હવન થવા લાગ્યો. પણ...સબૂર...તોય કર્મનું ગણિત સંસારી જીવ માટે અકળ રહ્યું છે. કયી પળે કયા જનમનું કયું કાળું પાપ આડું આવી જાય; કયી કાર્મિક પાપી રજકણનો 'ટાઇમ બોમ્બ' એકાએક ફૂટી જાય અને સમગ્ર જીવનની પળો ઊંધીચત્તી થઈ જાય એ કહી ન શકાય. એવા તો કેટલાક સંતો પતન પામી ગયા; કેટલાક પતિતો સંત બની ગયા !

નાનીશી એક જ ચિનગારી ! મહાનત બનીને રૂની ગંજીને થોડી જ પળોમાં સળગાવી મારે છે ને ? નાનીશી બેટરીનો એક જ તેજલિસોટો અમાવસ્યાની માઝમ રાતના અંધકારને એકદમ ચીરી નાંખે છે ને ?

ઉગ્ર તપ તપતા બેય મુનિઓ એકદા હસ્તિનાપુર નામની નગરીમાં આવ્યા, એ જ નગરીમાં રાજાના પ્રધાન તરીકે એમના ભૂતપૂર્વ કલાગુરુ નમુચિ હતા; જેમણે માતા સાથે આડવ્યવહાર કર્યાથી પિતાએ અધમુઓ માર મારીને તગડી મૂકયા હતા.

નમુચિને ખબર મળ્યા કે પોતાને અપમાનિત કરનાર ચંડાળના પુત્રો સાધુ બનીને આ નગરમાં આવ્યા છે. એનું અંતર હસી ઊઠયું. નમુચિ બબડયા, 'વેરની વસુલાત લેવાનો આ ખરાખરીનો સમય આવી ગયો છે' તરત જ સેવકોને બોલાવીને આદેશ આપ્યો કે હમણાં જ તે બે સાધુઓની ગળચી પકડીને; લાતો મારીને નગરમાંથી હકાલપટ્ટી કરવામાં આવે.

સેવકોએ તેમ જ કર્યું. ઉગ્રતપસ્વી તો બે ય મુનિઓ હતા પરંતુ સંભૂતિમુનિ એ તપને પચાવી ન શકયા. અત્યન્ત આવેશમાં આવીને ક્રોધાન્ધ બની ગયા, તપના પ્રભાવથી એમણે સિદ્ધ કરેલી તેજોલેશ્યા [ આંખમાંથી પ્રજ્વળતી આગ ] રાજસેવકોની સામે છોડી મૂકી. 'બિચારા' નિરપરાધી સેવકો તે જ પળે બળીને ખાખ થઈ ગયા.

પળ બે પળમાં જ આ ઘટના બની ગઈ! હાય! મોટો તરવૈયો ખાબોચીઆમાં ડૂબી ગયો! હાથી આખો નીકળી ગયો! અફસોસ! પૂંછડે ભરાઈ ગયો!

ચિત્રમુનિના અફસોસનો પાર ન રહ્યો. જયેષ્ઠબંધુ સંભૂતિમુનિના આવા આવેશ માટે તેમણે અફસોસ વ્યક્ત કર્યો. પરંતુ ધૂંવાકુંવા થઈ ગયેલા સંભૂતિમુનિ અત્યારે કોઈની વાત સાંભળવા માંગતા ન હતા.

'દુષ્ટોને તો સજા થવી જ જોઈએ.' સખ્ત અવાજે ચિત્રમુનિને તેમણે કહી દીધું.

વડીલબંધુની ભવ્ય સાધનાની ઇમારત ક્રોધની આગે લપેટાઈ જઈને બળીને ખાખ થઈ ગયાનું જોઈને ચિત્રમુનિનો સમગ્ર સંસાર ઉપરનો વિરાગ વધુ જોરથી પ્રજ્વળી ઊઠયો. રખે કયાંક મારા જીવનમાં આવું કોઈ પાપ; કોઈ ગોઝારી પળે થઈ જાય તો! એ કરતાં અનશન કરીને દેહત્યાગ કરવો શું ખોટો? ચિત્રમુનિનું મન બોલી રહ્યું હતું.

એ જ વખતે અનશન કરવાનો વિચાર સંભૂતિમુનિએ પણ રજૂ કર્યો. તેમણે કહ્યું. 'મુનિવર! તિરસ્કારો અને ધિક્કારોથી ભરેલા આ સંસારમાં હવે મારે જીવવું જ નથી. મારે અનશન કરીને મરી જવું છે. તમારી અનુજ્ઞા છે ને?'

'મારી પણ એ જ ઇચ્છા છે. પળ–પળની કાળજી કરવાનું કાર્ય ખરેખર લોઢાના ચણા ચાવવા જેટલું કઠિન છે એ વાતનો મને આજે સાક્ષાત્કાર થયો.'

આખો પર્વત સાવધાનીથી ચડી જનાર જો છેલ્લા એક જ પગથીએ ચૂકે તો મોં ફાડીને ઊભેલી ભયાનક ખીણમાં ફેંકાઈ જાય. હાય! હજારો પગથીઆં ચડયાની બક્ષિસ તો બાજુ ઉપર રહી; પરંતુ એક જ શરતચૂક જીવ કાઢી લેનારી બની જાય.

'ચાલો આપણે બેય અનશન કરીને દેહનો પરિત્યાગ કરીએ.' ચિત્રમુનિએ જણાવ્યું.

બન્નેએ પગ ઉપાડયા. એક આવેશથી ધમધમતા હતા; બીજા વિરાગથી ઉલ્લસિત હતા. આવેશના ધર્મોને ધર્મ કેમ કહેવાય ? એવા ધર્મો ય દુર્ગતિના ભોમીઆ બને; ગમે ત્યાં થાપ ખવડાવીને જ જંપે.

નગર બહાર જઈને કોઈ વૃક્ષ નીચે બેય મુનિઓ ધ્યાનસ્થ બની ગયા. દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા. 'મહાતપસ્વી' તરીકે પંકાયેલા મુનિઓના દર્શને આખું નગર ઉમટ્યું. ચક્રવર્તી રાજા સનત્કુમાર પણ દર્શન-વંદન કરી ગયા.

મહારાણી સુનંદાને આ વાતની જાણ થઈ. તેઓ પણ પોતાના રસાલા સાથે વંદનાર્થે આવ્યાં. મહાતપસ્વીઓનાં દર્શન કરતાં જ એમનું અંતર આનંદવિભોર બની ગયું. પોતાનો જન્મારો સફળ થઈ ગયાના વિચારથી તેઓ ગદ્‌ગદ્ થઈ ગયાં. શુભ ભાવાવેશમાં આવી ગયેલાં ચક્રીપત્ની સુનંદાનો ચોટલો વંદના કરતી વખતે ઊછળીને સંભૂતિમુનિના પગની પાસે પડ્યો. વાળની એક લટ સંભૂતિમુનિના ચરણને સ્પર્શી ગઈ.

બસ...સંભૂતિમુનિનું મુનિજીવન ધમરોળાઈ ગયું. એક તીણી ચીસ નાંખતું નિષ્પ્રાણ થઈને પડ્યું. હજી પણ હજારો લોકો દોડતા જ રહેશે; પણ મુનિપણાના મરણની સ્મશાનયાત્રામાં જોડાવા માટે દોડ્યા આવશે એમ જ કલ્પવું રહ્યું.

જ્યાં એ મોહક વાળલટનો સ્પર્શ થયો ત્યાં જ સંભૂતિમુનિના અંગેઅંગમાંથી ઝણઝણાટી પસાર થઈ ગઈ! એમનું અંતર પુકારી ઊઠ્યું, 'ઓહ! આટલી બધી કોમળતા! આવી મોહકતા! આવી હોય લલનાના વાળની લટ! તો પછી લલનાનું સમગ્ર અંગ કેટલું મોહક હશે! એના સમગ્ર સ્પર્શે કેવાં સુખ ઊભરાતાં હશે! અફસોસ! અફસોસ! મેં આ સુખમય સંસાર ખોઈ નાંખ્યો! હાય! મુનિજીવનના ત્યાગ, તપ અને સંયમનાં કષ્ટોમાં મેં કચડી નાખ્યું; મારું જીવન! બરબાદ કર્યો મારો આ ભવ!'

સંભૂતિમુનિના પેલા ક્રોધમાંથી જ આ કામ જન્મી બચો! કોઈ પણ પ્રકારની અતૃપ્તિ; કામવાસનાની માતા છે.

જે નારીના દેહમાં ક્યાં ય શુચિ નથી; જેનાં કામણગારાં નયનોમાં જ પીયા ભરાયા છે; કવિઓ જે નાકનું વર્ણન કરે છે તેમાં શ્લેષ્મના લીંદા ભરેલા છે; જેના કાનમાં મેલ છે; જીભ ઉપર છારી છે, બગાસામાં દુર્ગંધ છે, પસીનામાં બદબૂ છે, પેટમાં મળ છે...જેના સંયોગમાં અતૃપ્તિ છે; વિયોગમાં વિરહની વેદના છે; જેના સુખમાં દુર્ગતિઓનાં બીજ પડેલાં છે...એ નારીનું પૂર્ણ દર્શન સંભૂતિમુનિ ન કરી શક્યા માટે જ પતન થયું. રાગ અધૂરા દર્શને જ જાગે છે; પૂર્ણ દર્શને તો વિરાગની આગ જ પ્રજ્વળે છે.

ચક્રીપત્ની સુનંદાએ વંદના કરીને વિદાય લીધી.... પણ...હા... સંભુતિમુનિના અંતરમાં વસમી વેદના

સળગાવીને; એના જીવનને સાતમી નારકનાં પાતાળોમાં ધકેલી દેવાની ભૂમિકા તૈયાર કરીને જ.

બે ય બંધુઓનું ધ્યાન પૂર્ણ થયું. સંભૂતિમુનિએ ચિત્રમુનિને કહ્યું, 'મુનિવર! આજે મારો ઉદ્વેગ એની બધી સીમાઓ વટાવી ગયો છે. મને જરા ય ચેન પડતું નથી. એક જ વાત મારા મનમાં ઘુમેડાઈ રહી છે કે સાધુ થઈને મેં મારું જીવન બરબાદ કરી નાંખ્યું છે! હું એક ભયાનક વમળમાં અટવાઈ ગયો છું.'

'અરે! અરે! મુનિવર! આ શું બોલો છો? જે સર્વવિરતીધર્મ સર્વકર્મોનું નિકંદન કાઢીને અજર-અમર, સ્થાન આપે છે તેના તરફ આટલો ફીટ્કાર? શાથી? શું થયું છે આપને?' ચિત્રમુનિ ઝડપથી બોલી ગયા.

'ચિત્રમુનિ! રૂપરમણી સુનંદા રાણીના વાળની લટનો એકાએક સ્પર્શ થઈ ગયો! અહા! કેવી એની કુમાશ હતી? કયાં આ કંટકવિભોર પંથ! અને કયાં એ વૈભવમસ્ત જીવન!

'મુનિવર! મેં તો મારા મનથી નિયાણું [સંકલ્પ] કરી લીધેલ છે કે, 'મારા આ કઠોર તપના પ્રભાવથી મને આવું સ્ત્રી-રત્ન પ્રાપ્ત થજો.'

આ વાકય સાંભળતાં જ ચિત્રમુનિના માથે જાણે વીજ પડી! એમના અંતરમાંથી એક તીણી ચીસ નીકળી ગઈ! એમનું મન રડી ઊઠયું; ડૂસકાં નાંખતું એ બોલ્યું.

ઓહ! વિનાશીના રૂપરંગની આગના ચમકારે આ પતંગીએ ઝંપલાવી દીધું! રે! આને કેમ યાદ ન આવ્યાં શાસ્ત્રવચન? કેમ યાદ ન આવ્યા તારક તીર્થંકર ભગવંત! કેમ ન દેખાણી રૌરવ નારકો! કેમ ન દેખાયા દુર્ગતિનાં જીવનો! નારીની પ્રીતનાં માઠાં ફળ કેમ એણે ન વિચાર્યાં! મહાવ્રતોના ભાંગીને ભુક્કા કરી નાંખે તેવો પાપી સંકલ્પ આવા ઘોરતપસ્વીના આતમને અભડાવી ગયો! ઓહ મારા બંધુનું શું થશે? કયી દુર્ગતિના હવાલે થશે?'

પણ વાત આગળ વધી ચૂકી હતી. સંભુતિમુનિ પોતાના એ સંકલ્પનું પ્રાયશ્ચિત કરવા તૈયાર જ હતા.

પશ્ચાત્તાપ વિના પ્રાયશ્ચિત પણ શેનું?

એક જ માતાની કુક્ષિમાં જન્મેલા આ બે આત્માઓ વચ્ચે વિરાટ અંતર પાડી દેવાનું ગણિત ક્યારનું ય કર્મરાજના ચોપડે તૈયાર થઈ ગયું હતું; પણ ગણિતના કોયડા ઝાઝાભાગે અણઉકેલ્યા જ રહેતા હોય છે. એ દેખાડે છે કાંક; અને કરે છે કાંક!

ચિત્રમુનિ જીવન પૂર્ણ કરીને સદ્દ્ગતિની ટોચે પહોંચ્યા; સંભૂતિમુનિનો આત્મા એ જીવન પૂર્ણ કરીને બ્રહ્મ નામના રાજાની ચુલની નામની મહારાણીના પુત્ર તરીકે જન્મ પામ્યો.

સંભૂતિમુનિ હવે બ્રહ્મદત્ત રાજકુમાર બન્યો. ચક્રવર્તીનું પદ એના જીવનના ઉંબરે આંટા મારવા લાગ્યું. કર્મરાજે એની ઇચ્છા પૂર્ણ કરવી હતી. એને મોક્ષ જોઈતો ન હતો. સ્ત્રી–રત્ન જોઈતું હતું અને ચક્રવર્તી રાજા બનવું હતું.

એકાએક બ્રહ્મ રાજાનું મૃત્યું થયું. હજી તો રાજકુમાર બ્રહ્મદત્તનું વય ખૂબ જ નાનું હતું. રાજમાતા ચુલનીએ રાજ્યનો સુવહીવટ ચલાવવા માટે પાંચ રાજાઓની નિમણૂક કરી. વારાફરતી એકકો રાજા રાજ્યનો વહીવટ સંભાળવા લાગ્યો. ક્રમ પ્રમાણે એક વર્ષ દીર્ઘ નામના રાજાના માથે રાજ્યની જવાબદારી આવી.

થોડા જ દિવસમાં રાજા દીર્ઘે સમગ્ર રાજ્યવ્યવસ્થા ઉપર પોતાનો કાબૂ મેળવી લીધો. એના પાસા પોબારે પડવા લાગ્યા. એથી ચારે તરફથી સારા રાજકારણી તરીકેની ખ્યાતિ મળવા લાગી. રાજમાતા ચુલની પણ એના ઉપર આફ્રીન પોકારી ગયાં. રાજા દીર્ઘ અવારનવાર રાજમાતા પાસે આવતા; રાજ્યની સુવ્યવસ્થા અંગે વિચારોની આપલે પણ કરતા. રાજમાતા ચુલની ધીમે ધીમે તે રાજાના વાક્ચાતુર્યમાં અંજાતાં ગયાં. રાજા યુવાન હતા; તો રાજમાતા પણ પોતાના પતિ બ્રહ્મ રાજાના અકાળ અવસાનને લીધે અતૃપ્ત હતાં.

એકાંત મળે; સત્તાનાં સર્વોચ્ચ સિંહાસનો મળે; યૌવનનું આકર્ષણ મળે; અનુકૂળ વ્યક્તિ મળે પછી બાકી શું રહે ? રે ! શાસ્ત્રકારોએ કામરાજને નિર્દય ચંડાલની ઉપમા નિરર્થક આપી હશે ? ના રે ના....પેલો રૂપવંતો વિદ્યાધર કાંણી અને તદ્દન કાળી ચંડાલણીના પ્રેમમાં એકાંતના પાપે ખતમ નહોતો થઈ ગયો ?

દિવસે દિવસે ચુલની અને દીર્ઘનો પ્રણય ગાઢ બનતો ગયો.

આ પ્રણયસંબંધમાં રોકટોક કરનાર કોઈ ન હતું.

પણ પાપ કોનાં છુપાયાં રહ્યાં છે ? ઉદ્યાનમાં મોજ માણતાં આ બે ય રાજકુમાર બ્રહ્મદત્તની નજરે ચડી ગયાં. પોતાની જ માતાની આ દશા જોતાં જ તે થીજી ગયો.

એ આખી રાત રાજકુમાર બ્રહ્મદત્તને ઊંઘ ન આવી. એનું મગજ વિકલ્પોના ચકાવે ચડીને ભયંકર વેગથી ઘૂમવા લાગ્યું. ઘડીકમાં રાજા દીર્ઘના દેહના રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાંખવાનું એ વિચારતો; તો ઘડીકમાં માતાને જ કોઈ સજા ફટકારી દેવાનો એ મનસૂબો કરતો; ઘડીકમાં આવા પાપિષ્ઠ સંસારનો પરિત્યાગ કરીને વનમાં ચાલ્યા જવાનું વિચારતો.

'શું કરી નાંખું ?' એનું મન કોઈ નિશ્ચિત જવાબ આપી શકતું નહિ.

એમ ને એમ સવાર પડી ગયું. મનમાં એક વિચાર આવી ગયો કે માતાજીને જ આ વાતની ચીમકી તો

આપી જ દેવી. પછી બધું ક્રમશઃ વિચારાશે. ઊઠીને તરત જ સેવક પાસે એક કાગડો અને કોયલ મંગાવ્યાં. બેયને લઈને રાજકુમાર બ્રહ્મદત્ત રાજમાતા ચુલની પાસે ગયો. 'માતાજી ! જુઓ....' એમ કહીને કાગડાની અને કોયલની ડોક જોરથી મરડી નાંખી. 'માતાજી ! પિતાજીના આ પવિત્ર રાજ્યમાં અનાચારનું આવું પાપ કરનારને હું આવી મરણાન્ત સજા ફટકારીશ.'

તરફડીઆં મારીને મરતાં કાગડા–કોયલને જોઈને મહારાણી ચુલનીનાં રૂવાડાં ઊભાં થઈ ગયાં. એમના અંતરમાંથી તીણી ચીસ નીકળી ગઈ.

રાજકુમાર ત્યાંથી ચાલ્યો ગયો. સાંજે રાજા દીર્ઘ આવ્યા. ચુલનીએ સઘળી હકીકત પોતાના પ્રિયતમ દીર્ઘને જણાવી. એ વૃત્તાન્ત સાંભળીને દીર્ઘ રાજા ખડખડાટ હસી પડયો. ચુલનીના દેહ સાથે ચેડાં કરતો મંત્રી બોલ્યો. 'તારા વહાલા બેટાને આપણા સંબંધની ગંધ આવી ગઈ છે ! પણ એ રાંકડો જાણતો નથી કે એ તો નામનો રાજા છે. બાકી તો આ રાજ્યનો સર્વે સર્વા રાજા દીર્ઘ જ છે. તું ચિંતા કરીશ નહિ, હું બધું બરોબર કરી દઈશ."

મહારાણી ચુલનીને હૈયાધારણ કરીને રાજા દીર્ઘ ચાલ્યા ગયા, પણ તે દિવસથી રાજકુમાર બ્રહ્મદત્તે અંતઃપુર ઉપર સખ્ત ચોકી પહેરો ગોઠવી દીધો. રાજા દીર્ઘના

તમામ વિશ્વાસુ માણસોને રૂખસદ આપી દઈને, પોતાના માણસોની નિમણૂક કરી દીધી.

આ વાતની જાણ થતાં રાજા દીર્ઘ સમસમી ઊઠયા. દાંત કચકચાવતા સ્વગત બોલ્યા, 'હવે એ મારા અને મહારાણી વચ્ચેના પ્રણયના માર્ગે કાંટો બન્યો છે. એને ઊખેડીને, ફેંકી જ દેવો રહ્યો. શત્રુ તો ઊગતો જ ડામી દેવો સારો.

બીજે દિવસે ભારે ગુપ્તતાપૂર્વક રાજા દીર્ઘ ચુલનીને મળ્યા. રાજાનું દર્શન કરતાં જ ચુલની બધું ભાન ગુમાવી દેતી. "પોતે કોણ છે?" એ વાતનું એને સાવ જ વિસ્મરણ થઈ જતું. મોહની ગતિ સદા ય આવી જ રહી છે.

પણ આજે એના ચેનચાળાને રાજા દીર્ઘ વધાવતા ન હતા. ચુલનીએ જોયું કે રાજા દીર્ઘ ખૂબ ગંભીર બનીને અંતઃપુરમાં આવ્યા છે. એમના મોં ઉપરે સખ્તાઈ જણાતી હતી. પેલી કામણગારી નરમાશનાં તો કયાંય દર્શન થતાં ન હતાં.

"રાજેશ્વર! મારા પ્રિયતમ! કેમ આજે મજા નથી? તમે આનંદમાં કેમ નથી? તમને દુઃખી કરનાર કોણ છે? મને એનું નામ કહો; મારા પ્રિયતમને દુઃખી કરનારનું તો હું કાસળ કાઢી નાંખું."

ગંભીર વદને દીર્ઘે કહ્યું, 'કથની સહેલી છે; કરણી હંમેશ કઠિન હોય છે. છતાં જો તું તારા વચનને વફા-

દોરીપૂર્વક વળગી રહેતી હોય તો હું તને જણાવું છું કે તારા પુત્ર રાજકુમાર બ્રહ્મદત્તને તારે પરલોક ભેગો કરી દેવો પડશે. આપણી મદમસ્તીભરી દુનિયામાં એ પથરો થઈને પડયો છે. હવે કાં હું 'તારો' નહિ....કાં એ તારો નહિ! કોણ જોઈએ? પુત્ર કે પ્રિયતમ? એનો નિર્ણય કરી લેવાની પળો આવી ચૂકી છે."

'ઓહો! એમાં પૂછો છો શું? ઓ મારા નાથ! તારી ખાતર તો હું મારા પ્રાણ પણ દેવા તૈયાર છું તો કાળોતરા નાગ જેવા એ બ્રહ્મદત્તનો ટોટો પીસી નાંખવો એમાં તે શી મોટી વાત છે? તું જ મને માર્ગ બતાડ...એ કાર્ય હું પતાવી દઈશ. આ વિશ્વમાં મારા–તારા વચ્ચે કોઈ ઊભું પણ રહી શકે તેમ નથી. ઊભા રહેવાની તાકાત નથી." ચુલનીએ દીર્ઘના ગળામાં હાથ નાખી દીધો. દીર્ઘ મનમાં જ મરક મરક હસી રહ્યો. એના પાસા પોબાર પડતા હતા. એણે ચુલનીને ગરમ કરી દેવામાં પૂરેપૂરી સફળતા મેળવી હતી.

એ જ બેઠકે રાજકુમાર બ્રહ્મદત્તને ખતમ કરી નાંખવાનું આખું કાવતરું ઘડાઈ ગયું. પ્રીતની સુરાના પ્યાલા ગટગટાવીને બેહોશ બનીને બન્ને ખૂબ આનંદ સાથે ઉઠયાં. રાત્રે બે વાગ્યા હતા. લપાતા છુપાતા રાજા દીર્ઘ પોતાના ઘર ભણી રવાના થયા.

કેટલો સ્વાર્થી સંસાર! જ્યાં સ્વાર્થ આવીને ઊભો ત્યાં માતા માતા ન રહી; પાલક રાજા પાલક ન રહ્યો.

કોને કોની પ્રીત છે? શી ખબર પડે? કોણ કોને ખરેખર ચાહે છે? શેં ખબર પડે! આખી દુનિયા શંકાશીલતાના આવા વર્તુળની અંદર આવી ફસાણી છે.

આખી રાત રાજા દીર્ઘને ઊંઘ ન આવી. એનો આખોય આત્મા ભયાનક ક્રોધથી પ્રજ્વળી ઊઠયો હતો. વારંવાર દાંત પીસતા અને મૂઠીઓ વાળતા એ કાંઈક જોરથી બબડી ઊઠતા ત્યારે બાજુમાં જ નિદ્રાધીન થયેલાં તેમનાં પત્ની ઝબકીને જાગી જતાં અને પૂછતાં કે, "શું થયું?" "કાંઈ નથી, તું સૂઈ જા." એમ કહીને રાજા વળી વિચારે ચડી જતા.

ખૂબ મંથન કરતાં કરતાં સવાર પડી ગયું. સવાર પડતાં જ એકાએક હર્ષમાં આવી જઈને બે હાથે તાળી પાડીને શય્યામાંથી ઊભા થઈ જતાં મન્ત્રી બોલ્યા, "બસ! આખી રાતનો ઉજાગરો થયો! હણ હવે બેડો પાર છે!"

તરત જ પોતાના અંગત માણસોને બોલાવ્યા અને નગરની બહાર એક લાક્ષાગૃહ બનાવવાનો આદેશ આપ્યો.

રાજા દીર્ઘ રાજમાતા ચુલની પાસે ગયા. એકાન્તમાં બેસીને ચુલની રાણીને જણાવ્યું કે, "તમારે વહેલામાં વહેલી તકે કુમાર બ્રહ્મદત્ત માટે કોઈ કન્યા શોધી કાઢવી અને તરત જ તેનું લગ્નકાર્ય પતાવી દેવું. પ્રથમ રાત્રિ નુતન લાક્ષાગૃહમાં પસાર કરવાનું નક્કી કરવું અને તે મુજબ નવપરિણીત યુગલને ત્યાં મોકલી દેવું. એ પછી ..."આટલું બોલીને મન્ત્રી નજદીક સરકયાં અને કાનમાં

કહ્યું, "હું આખું ય લાક્ષાગૃહ સળગાવી મૂકીશ." આટલું કહીને દીર્ઘ અને ચુલની બે ય ખડખડાટ હસી પડયાં.

એ જ વખતે એ ગુપ્તખંડના પડદામાં સળવળાટ થયો. દીર્ઘ રાજાને કોઈ ગુપ્તચરની ગંધ આવી. એ સફાળા ઊભા થઈને તે તરફ ગયા, પણ કશું જોવા ન મળ્યું એટલે સ્વસ્થ થઈને પાછા ફર્યા.

પરન્તુ કુમાર બ્રહ્મદત્તના પુણ્યનો સિતારો ચમકતો હતો. રાજ્યનો કારભાર વારાફરતી ચલાવતા નરબંકાઓમાં ધનુ નામના એક રાજભક્ત આદમી હતા. વફાદારીમાં તો એમનો જોટો ન મળે. કુમાર બ્રહ્મદત્તના પિતા મહારાજા બ્રહ્મની આજીવન સેવા કરી હતી, રાજ્યનો વિકાસ કરવામાં એમનો ઘણો મોટો ફાળો હતો. રાજા દીર્ઘના કાવાદાવાઓ અને પ્રપંચી સ્વભાવથી તેઓ માહિતગાર હતા.

આથી જ કુમાર બ્રહ્મદત્તની રક્ષા કાજે પોતે અત્યંત સાવધ બની ગયા હતા. પરંતુ પોતાની વૃદ્ધત્વને લીધે તેમણે કુમાર બ્રહ્મદત્તની પાછળ પોતાના પુત્ર વરધનુને પડછાયાની જેમ ગોઠવી દીધો હતો.

આજે રાજા દીર્ઘની પાછળ વરધનુ પડી ગયો હતો. અને એ જ પડદે આવીને ઊભો રહ્યો હતો, અને તમામ બાતમી મેળવીને સાપની જેમ એકદમ સરકી ગયો હતો.

ઘરે આવીને એણે પિતાજીને તમામ વાત કરી. ચતુર મન્ત્રીએ બીજે જ દિવસે રાજ્યસભાનું કાર્ય પૂર્ણ થતાં રાજકુમાર બ્રહ્મદત્ત, રાજમાતા ચુલની અને રાજા

દીર્ઘની સમક્ષ વાત મૂકી કે, 'હવે હું સાવ વૃદ્ધ થઈ ગયો છું. રાજ્યના કારભારનો બોજ મારાથી ઉપાડી શકાય તેમ નથી. વળી જીવનના અંતિમ દિવસોમાં કાંઈક પુણ્ય-કાર્ય કરવાની પણ મારી ભાવના છે તો આપ સહુ મને નિવૃત્તિ આપો. હું એક દાનશાળા ખોલીને દીન દુઃખિતોને હંમેશ ભોજન વગેરે આપવાનું પુણ્યકાર્ય કરવા માગું છું.' ધનુ મન્ત્રીના વૃદ્ધત્વને નિહાળીને સહુએ નિવૃત્તિ આપી. આજ સુધી કરેલી રાજ્યસેવાઓ બદલ બીજે દિવસે જંગી સભા સમક્ષ મંત્રીનું બહુમાન કરવામાં આવ્યું.

રાજ્યકાર્યથી નિવૃત્ત થયેલા રાજભક્ત ધનુમંત્રીએ ગામની બહાર દાનશાળા ખોળી. આખો દિવસ ધનુ ત્યાં જ રહે અને યાચકો, દુઃખિતો વગેરે જે આવે તેનું સુંદર સ્વાગત કરે; સહુને પેટ ભરીને જમાડે. એક બાજુ આ કાર્ય ચાલતું હતું તો બીજી બાજુ રાજમાતા તરફથી અનુપમ લાક્ષાગૃહ તૈયાર થઈ રહ્યું હતું, સમસ્ત ભારતમાં લાક્ષાનું ગૃહ ક્યાંય ન હતું, એથી આ નવનિર્માણની વાત જેમ જેમ પ્રસરતી ગઈ તેમ તેમ હજારો લોકો લાક્ષાગૃહનું નિર્માણકાર્ય જોવા આવતા ગયા. સેંકડો માણસોને રોકીને તૈયાર થતા લાક્ષાગૃહને પૂર્ણ થતાં શી વાર લાગે? થોડા જ મહિનાઓમાં લાક્ષાગૃહ તૈયાર થઈ ગયું.

હવે બીજી બાજુથી ધનુમંત્રીએ પોતાનું કાર્ય આરંભી દીધું. રાત પડે કે તરત સેંકડો મજૂરો ગુપ્ત રીતે દાનશાળે આવી જતાં અને તરત જ લાક્ષગૃહની

નીચેની ધરતીમાં ભોયરું કોરવાનું કાર્ય શરૂ કરતા. થોડા સમયમાં ભોયરું તૈયાર થયું, એનું બીજું દ્વાર ઠેઠ જંગલમાં કાઢવામાં આવ્યું હતું.

સમૃદ્ધ રાજવીની દીકરી સાથે રાજકુમાર બ્રહ્મદત્તના વિવાહ થયા. ટૂંકા જ સમયમાં લગ્નનો દિવસ આવી ગયો.

ધનુ સાવધાન બની ગયા. હવે પળેપળની એમણે તકેદારી રાખવાની હતી. રાત ને દિવસ જાગતા જ રહેવાનું હતું. ગુપ્ત રીતે પોતાની બધી યોજનાઓ પાર પાડીને રાજકુમાર બ્રહ્મદત્તના પ્રાણ ઉગારી લેવાના હતા. રાજભક્ત ધનુએ પોતાના વફાદાર પુત્ર વરધનુને રાજકુમાર બ્રહ્મદત્તની રક્ષા માટે ગોઠવી દીધો. તે રાજકુમારના પડછાયાની જેમ સદા સાથે રહેતો.

બીજી બાજુ રાજભક્ત ધનુએ રાજકુમાર બ્રહ્મદત્તના સસરા ઉપર ગુપ્ત સંદેશ મોકલાવ્યો. તેમાં કાવત્રાની સંપૂર્ણ જાણ કરીને જણાવ્યું કે, 'તમે તમારી પુત્રીને સ્થાને કોઈ દાસીકન્યાને મોકલજો.'

ધનુની સૂચના મુજબ બધું ગોઠવાઈ ગયું. રાજકુમારના લગ્ન થઈ ગયાં. અતિભવ્ય બનેલા લક્ષાગૃહના પટાંગણમાં જ માંડવો નાંખવામાં આવ્યો હતો. ચારે દિશામાંથી હજારો લોકોએ આ રાજલગ્નમાં હાજરી આપી હતી.

સાંજ પડી, જમીને સહુ વિદાય થયા.

નૂતન પરિણીત–યુગલ રાતવાસો કરવા લાક્ષાગૃહમાં પ્રવેશ્યું. રાત પડી; સ્વજનો પણ ગયાં. ગીત બંધ પડ્યાં. વાજિંત્રોના સરોદો શાંત થયા. આખું નગર નિદ્રાધીન થયું. રાતના બે વાગ્યાના ડંકા પડ્યા.

અને....એકાએક લાક્ષાગૃહને આગ લાગી. ચોકી-દારોએ બૂમરાણ મચાવ્યું દોડો....દોડો.... રાજકુમાર બ્રહ્મદત્તને કોઈ બચાવો.... પણ લાખનું એ ઘર હતું, એને બળતાં વાર કેટલી લાગે ?

પરંતુ એથી ય વધુ ઝડપથી વરધનુ; રાજકુમાર બ્રહ્મદત્ત અને તેમની નવોઢા [દાસીકન્યા] ભોંયરામાં ચાલ્યાં ગયાં. વરધનુએ મરેલાં માણસોનાં ત્રણ શબ આગળથી જ, લાવી રાખ્યાં હતાં, પેટીમાંથી કાઢીને ત્યાં મૂકી દીધાં. અને એ ત્રણે ય જણાં સુરક્ષિત રીતે ભોંયરા દ્વારા જંગલમાં નીકળી ગયાં ત્યાં એક નાયી તૈયાર રાખ્યો હતો. બંનેએ માથું મુંડાવી નાખ્યું; વેશપલટો કર્યો. દાસીકન્યાને એને ઘેર પહોંચાડી દીધી. ગુરુ–શિષ્ય બનીને બે ય જંગલની વાટે આગળ વધ્યા.

આ બાજુ રાજમાતા ચુલની; રાજા દીર્ઘ વગેરે દોડી આવ્યા. બળેલાં ત્રણ મડદાં જોઈને કામ પાર પડી ગયાની કલ્પના કરી. રોકકળનો દેખાવ કર્યો. મનમાં મલકાતાં મલકાતાં બે ય પુનઃ નગર તરફ વળ્યાં.

રાજમહેલમાં આવીને ચુલની અને રાજા દીર્ઘે પ્રમોદ કર્યો.

હાય ! મા ડાકણ બની ! અને વિશ્વાસુ દ્રોહી બન્યો ! સંસારનું કોઈ પણ પાપ સર્વપાપો કરાવવા સમર્થ બની શકે છે, અબલાને સબલા બનાવે છે; શાહુકારને ડાકુ કરે છે; સંતને શયતાન બનાવી દે છે. ધન્ય હો તે શાસ્ત્રકાર મહર્ષિઓને, જેમણે જગતના જીવોને ચેતવી દઈને એ વાત જણાવી કે, 'પાપનું જન્મસ્થાન મન છે. ત્યાં જ તમે પળ-પળની જાગતી ચોકી ગોઠવજો. પાપને ઊગતું જ ડામજો, નહિ તો બાજી હાથ બહાર થઈ જશે.' ચુલની અને દીર્ઘનો એ હત્યારો આનંદ ઝાઝો સમય ટકી શક્યો નહિ. ત્રીજે જ દિવસે દૂર દૂરથી મારતે ઘોડે કોઈ ગુપ્તચર આવ્યો. રાજા દીર્ઘને પ્રણામ કરીને હાંફતો હાંફતો તે બોલવા લાગ્યો. 'રાજન્ ! રાજન્ ! રાજકુમાર બ્રહ્મદત્ત જીવતા છે. મેં મારી સગી આંખે તેમને અહીંથી પચાસ કોસ દૂર જોયા. તેમની સાથે વરધનુ પણ હતા. બંનેએ સંન્યાસીનો વેષ પહેર્યો હતો. જી, ના...એ કાંઈ રાજકુમાર બ્રહ્મદત્તનું ભૂત ન હતું. ખરેખાત એ રાજકુમાર બ્રહ્મદત્ત જ હતા.'

એકી શ્વાસે દૂતે કહેલી આ વાતને સાંભળતાં જ રાજા દીર્ઘનો શ્વાસ અધ્ધર થઈ ગયો ! રાજમાતા ચુલની પાસે તે દોડી ગયો. જ્યાં. આ વાત તેણે સાંભળી ત્યાં એના પણ હોશકોશ ઊડી ગયા.

તરત જ લાક્ષામહેલમાં તપાસ ચલાવી; અને ભોયરું પકડાયું. આખું ય કાવતરું ખ્યાલમાં આવી ગયું. રાજાએ તરત જ સૈનિકોની જુદી જુદી ટુકડીઓ ચારે દિશામાં

દોડાવી. પણ નિષ્ફળ...હવે કાંઈ જ વળે તેમ ન હતું. રાજકુમાર બ્રહ્મદત્ત પાસે પુણ્યનું બળ હતું તો વરધનુ પાસે વિશુદ્ધ પ્રજ્ઞાની તાકાત હતી. જ્યાં પુણ્ય અને પ્રજ્ઞાનો મેળ થાય ત્યાં કોઈ વાળ પણ વાંકો કરી ન શકે.

હતાશ થયેલી ટુકડીઓ પાછી ફરી. રાજકુમાર બ્રહ્મદત્ત અને વરધનુ, મહારાજા બ્રહ્મના દિલોજાન દોસ્ત કટકરાજ પાસે પહોંચી ગયા. બ્રહ્મદત્તને જોતાં જ કટકરાજ ઊભા થઈને અત્યંત વહાલથી ભેટી પડયા. 'બેટા બ્રહ્મદત્ત ? તું અહીં કયાંથી ? અને તે ય આવા ગુપ્ત વેષે ? શું થયું ?' કટકરાજે પૂછયું.

બ્રહ્મદત્તે સઘળી વાત વિસ્તારથી જણાવી. કટકરાજે એક લાંબો નિસાસો નાંખ્યો. એ બોલી ઊઠયા, હાય ! કયાં એ શીલવંતી ચુલની ! અને કયાં આ કુલટા, પતિ-દ્રોહિણી, પુત્રઘાતિની ચુલની ! ખેર, બેટા ! કર્મની જ આ બધી રમતો છે, હવે તું જરા ય ચિંતા ન કરીશ. તારું જ ઘર સમજીને અહીં આરામથી રહે' રાજકુમાર બ્રહ્મ-દત્તને કટકરાજનો જબરો સધીઆરો મળી ગયો. પણ આરામમાં અને વિલાસમાં પડીને ભાન ભૂલી જાય એવો આ રાજકુમાર ન હતો. એ તો મહાયુદ્ધની તૈયારીઓ કરવા લાગી ગયો. રાજા દીર્ઘને પણ જણાવી દીધું કે, 'તમારો શત્રુ બ્રહ્મદત્ત હાલ કટકરાજને ત્યાં બેઠો છે. સાબદા બનીને રહેજો. ગમે તે પળે એ તમારી ઉપર ત્રાટકશે.'

દીર્ઘ પણ ગાંજ્યો જાય એમ ન હતો. એ મોટું સૈન્ય લઈને કટકદેશ ઉપર ચડાઈ લઈ ગયો. કટકરાજે રાજકુમાર બ્રહ્મદત્તને તમામ પ્રકારનાં શસ્ત્રોથી સજ્જ વિરાટ સૈન્ય આપ્યું. ભયાનક યુદ્ધ ખેલાઈ ગયું. લોહીની નદીઓ વહેવા લાગી; આકાશમાં ધડ અને માથાં; હાથ અને પગના ટુકડા ઊડવા લાગ્યા.

છેવટે રાજકુમાર બ્રહ્મદત્ત અને દીર્ઘ સામસામા આવી ગયા. બન્નેએ પોતાની તરવારો ખેંચી કાઢી. એક બીજાને ખતમ કરી નાંખવાની એક પણ પળ કોઈ જવા દેતું ન હતું. પણ બન્ને ય ના પરસ્પરના દાવ નિષ્ફળ કરતા હતા. એમાં એક વાર રાજા દીર્ઘ દાવ ચૂકયો અને....રાજકુમારની તરવારના એક જ પ્રહારે ધડ ઉપરથી માથું ફેંકાઈ ગયું!

★

## અય રાગ! તારા જ પાપે ને!
[૪]

'મહારાજા બ્રહ્મદત્તનો જય હો.' ગગનભેદી નાદ થયો.

અત્યંત ભવ્ય રીતે બ્રહ્મદત્તે વારાણસીમાં પ્રવેશ કર્યો. પોતાના રાજ્યની વ્યવસ્થા સંપૂર્ણ રીતે હસ્તગત કરી લીધા બાદ મહારાજા બ્રહ્મદત્તે દિગ્વિજય કરવા માટે પ્રયાણ કર્યું. એમનાં પરાક્રમોની યશોગાથા ચોમેર ફેલાતી

જતી હતી, શત્રુરાજાઓ ડઘાઈને શરણે આવી જવા લાગ્યા. ઘણા ખરા પ્રદેશો ઉપર રક્તપાતવિહોણો વિજય મળવા લાગ્યો.

અનેક વર્ષો પછી મહારાજા બ્રહ્મદત્તે ભરતક્ષેત્રના છયે ખંડ ઉપર વિજયનો વાવટો ફરકાવ્યો. હવે તે ચક્રવર્તી રાજા બન્યા.

પણ સોએ દહાડા સરખા તો કોકના જ જાય. પુણ્ય-કર્મ તો નાતરું કરતી નાર જેવું છે. એનો કદી ભરોસો ન કરાય. ગમે તે પળે એ રીસે ભરાય અને રવાના થઈ જાય. આવા પુણ્યકર્મને પોતાના જીવનની તિજોરી ધરી દેનારો માણસ તો ખરેખરો મૂર્ખ ગણાય.

ચક્રવર્તી બ્રહ્મદત્તના પૂર્વજન્મનું પાપ સળવળાટ કરવા લાગ્યું. એ મુનિજીવનમાં, વંદના કરતી ચક્રીપત્ની સુનંદાના વાળની લટના સ્પર્શે એમનું માથું ફરી ગયું હતું. ઘોર તપના બદલામાં એમણે આવી ચક્રીપત્ની મળવાનો સંકલ્પ મૂક્યો હતો.

હા....એ સંકલ્પ પૂર્ણ થયો. આ જીવનમાં ચક્રવર્તી પદ મળ્યું. સુનંદા જેવી રૂપરમણી પણ મળી. ઇચ્છાઓ બધી પૂરી થઈ. પણ આ બધું ય પુણ્ય ભીખી માંગેલું હતું. દાન, શીલ કે તપ વગેરે ધર્મો તો મોક્ષપદની પ્રાપ્તિ કાજે જ કરાય. સંસારના બજારે એના કાંઈ અદલા-બદલીના વેપાર ન થાય. 'હું આટલો તપ તપું; એના બદલામાં મને આટલું ભોગસુખ મળે.'

હાય! આવા ભીખારીવેડા, ભોગસુખ તો જરૂર આપે પણ ભોગસુખમાં એવો પાપી બનાવે કે સીધો એ આત્મા ભયાનક દુર્ગતિ ભેગો થઈ જાય.

ચક્રવર્તી બ્રહ્મદત્તના વૈભવી જીવનમાં અણધાર્યો આંચકો આવ્યો પેલી ભીખી માંગવાની વૃત્તિનું એણે પાપ કર્યું હતું. તે હવે ત્યારે જ લપડાક મારવા આવ્યું, જ્યારે ચક્રવર્તી બ્રહ્મદત્તના પુણ્યનો સિતારો પૂરબહારમાં ચમક્યો હતો.

કર્મરાજે એ લપડાક પણ કેવી અનોખી રીતે લગાવી દીધી! મોટા રૂસ્તમને પણ એની ગંધસુદ્ધાં ન આવી શકે.

એક નાનકડો રાઈના દાણા જેવો પ્રસંગ બન્યો અને...અને એમાંથી સાતમી નારકનાં અઘોર દુઃખોના હિમાલયો બ્રહ્મદત્ત ઉપર તૂટી પડ્યા.

એક દિવસની વાત છે. રાજના કામકાજથી નિવૃત્ત થયેલા મહારાજા બ્રહ્મદત્ત સિંહાસન ઉપર બેઠા હતા ત્યાં એક ગરીબ બ્રાહ્મણ તેમની પાસે આવ્યો. ભારે બહુમાનથી નમસ્કાર કરીને ઊભો રહ્યો.

'અલ્યા! તું કોણ છે? ક્યાંથી આવ્યો છે?' રાજાએ પૂછ્યું.

'બાપુ! મને ન ઓળખ્યો? હું તો આપનો બાળ-ગોઠીઓ, ચિદાનંદ. આપણે નાના હતા ત્યારે નિશાળમાં સાથે જ ભણ્યા છીએ. પણ એ તો ભાગ્યની વાત છે કે આપ રાજાઓના રાજાધિરાજ બન્યા છો અને મારે હાથ

અને મોં ભેગાં કરતાં ય ધોળે ક્યારેક તારા જોવા પડે છે. હશે એ તો એમ જ ચાલે. જેવી પ્રભુની મરજી.' એક મોટો નિસાસો નાંખીને ચિદાનંદ વાત કરતો અટકી ગયો.

'અલ્યા, બધું યાદ આવી ગયું. તદ્દન ખરી વાત. મારી આંખ સામે આપણો બાલ્યકાળ હવે તરવરે છે.

'ઓહ ! પેલા સીમાડાના વડલાની વડવાઈ ઓ ઉપર ચડી જઈને આપણે કેવાં તોફાન કરતા હતા ? પણ એ બધું ઠીક. હવે આજે તું આવ્યો છે તો મારે તારું સન્માન કરવું છે. આમ તો હું તારી સાત પેઢીનાં દારિદ્ર ફેડી નાંખુ, પણ એના કરતાં તું જ મને કહે કે તારી શું ઇચ્છા છે ? તને જે જોઈએ તે આપીશ. તું માગતાં ભૂલીશ પણ હું દેતાં નથી ભૂલવાનો.'

'બાપુ ! આપની વાત સાંભળીને મને ખૂબ આનંદ થયો. પણ મારે ધન-ધાન્ય જોઈતાં નથી. મારે એવું કાંઈ ન જોઈએ. મારી તો એક જ ઇચ્છા છે. આપ પૂરી કરવાની પાકી ખાત્રી દેતા હો તો કહું.' ચિદાનંદે બાજી ગોઠવતાં કહ્યું.

'મહારાજા બ્રહ્મદત્ત !' ગંભીર બનીને ચિદાનંદે બોલવાનો આરંભ કર્યો.

'મારે બીજું કાંઈ ન જોઈએ. હીરા, મોતી, માણેક મારે ન જોઈએ. એને સાચવવાની ચિંતા મારા દુઃખનું કારણ બની જાય અને....રૂપરમણીઓના સુંવાળા ગણાતા

સંગ પણ મારે ન જોઈએ. મને એવા આનંદો પ્રત્યે ઝાઝો રસ નથી.

'હાથી, ઘોડા વગેરેને લઈને શું કરું ? ક્યાં રાખું ? આપ મને જમીન આપો અને હસ્તિશાળા, અશ્વશાળા બનાવી આપો તો ય એ તો મારા માટે ભારે બોજા રૂપ થઈ જાય. એની સાચવણી માટે કેટલા માણસો રાખવા ? એમની સાથે કામ લેવામાં કેટલી ખટખટો ! કેટલા ઝઘડા !'

'અલ્યા ભઈલા ! તો તારે જોઈએ છે શું ? મને તો કાંઈ સમજાતું નથી.' રાજાએ પૂછયું.

'રાજન્ ! મારે તો ભાવીમાં જરાય બોજા રૂપ ન બને અને આજે ને આજે જ એનો અનુભવ થઈ જાય એવી વસ્તુ જોઈએ. એટલે મારી તો એક જ ઇચ્છા છે કે જે આપ જે રસવતી જમો છો એ જ રસવતી મારા આખા કુટુંબને આજે જમાડો. ચક્રવર્તીના ભોજનની મેં ઘણી વાતો સાંભળી છે. વળી આમાં બીજી કશી પંચાત તો નહિ. ખાધું એટલે પત્યું. પછી પાછળ તેની રક્ષા વગેરેનો કશો ય ભાર જ નહિ.''

વિપ્ર ચિદાનંદની વાત સાંભળીને મહારાજા બ્રહ્મદત્ત ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. એમના મુખ ઉપર ચિંતાના ભાવો ઉપસી આવ્યા. એ જોઈને ચિદાનંદે પૂછયું, ''રાજન્ ! આટલી નાનકડી પ્રાર્થનાને આપ માન્ય રાખી શકો તેમ નથી ? એક ટંક અમે આખું

કુટુંબ આપનું ભોજન લઈએ એ આપને ઇષ્ટ નથી ? અમે ભિક્ષાવૃત્તિ ઉપર જીવનારા બ્રાહ્મણ છીએ માટે આપને અમારા પ્રત્યે આછી-પાતળી કોઈ નફરત છે ? તો કાંઈ નહિ...હું જાઉં છું. ચિદાનંદના આશિષ છે, આપ સદા સુખી રહેજો. આપનું શાસન અમર તપો. લો, જાઉં છું." આમ કહીને ચિદાનંદે મોં ફેરવ્યું.

"અરે ! અરે ! ચિદાનંદ ! આમ ઉતાવળો કાં થાય ! મારી વાત તો સાંભળ. મને એમ લાગે છે કે એક ટંકના ભોજનને બદલે તું બીજું જે કાંઈ માંગીશ તે આપીશ. ચક્રવર્તી બ્રહ્મદત્તના બોલ ઉપર પૂરો ભરોસો રાખ."

"પણ રાજન્ !...હું નવલખો હીરાનો હાર માંગુ તો તેય દેવા તૈયાર છો ને ? તો પછી એક ટંકના ભોજનમાં આપને શું વાંધો આવી જાય છે એ જ મને સમજાતું નથી !" ચિદાનંદે કહ્યું.

"ચિદાનંદ ! કેટલીક વાતો એવી હોય છે જે કહી શકાતી નથી. છતાં આ વાતનો ફોડ નહિ પાડું તો તું રિસાઈને ચાલ્યો જઈશ એમ મને લાગે છે. ખેર...હવે મને પણ લાગે છે કે મારી વાત મારે તને સમજાવવી જોઈએ. મને વિશ્વાસ છે કે એ પછી તું ભોજનનો આગ્રહ પડતો મૂકીશ. સાંભળ ત્યારે.

મને મનમાં એક વાતની શંકા જાગી છે કે મારું ભોજન તને અને તારા પરિવારને પચશે કે નહિ ?"

ખડખડાટ હસી પડતાં ચિદાનંદ બોલ્યો, "ધન્યવાદ! રાજન્! પથ્થર પચાવી નાંખવાની અમારામાં તાકાત છે હોં! અમે તો રખડીને ભિક્ષા માંગી લાવીને અમારી આજીવિકા પૂરી કરીએ, એથી શારીરિક તંદુરસ્તી તો કુદરતી રીતે જ અમારા બધાયની ખૂબ સારી છે. આપ એ ચિંતા કરો જ મા!"

"અરે! ચિદાનંદ! એ પાચનની હું વાત કરતો નથી. હું એ વિચારમાં છું કે અમારું ભોજન તમારા બધાયના અંતરમાં વિકારોની આગ ઉત્પન્ન કરી દેશે તો? ચિદાનંદ! તને એ વાતની કદાચ ખબર નહિ હોય કે ચક્રવર્તી રાજાનું ભોજન અતિશય માદક હોય છે. એ ભોજન કરનાર કદાચ નામર્દ હોય તો ય એનામાં મર્દાનગી આવી જાય. એક દૂધની જ વાત કરું. હું કે મારી રાણીઓ તમારી જેમ એક ગાયનું દૂધ નથી પીતાં પરંતુ એક ગાયનું જે દૂધ દોહવાય તે બીજી ગાયને પીવડાવાય; બીજીનું દૂધ ત્રીજી ગાયને પીવડાવી દેવાય. એમ કરતાં જે લાખમી ગાય આવે તેના દૂધનું અમે પાન કરીએ; હવે તું જ વિચાર કર કે આ દૂધ કેટલું માદક હશે? આવી અમારી તમામ ભોજનસામગ્રી હોય છે તમે જો આ ભોજન લો તો તમારું શું થાય? અલ્પા ચિદાનંદ! ઝાલ્યા ન રહે એવા ભયાનક માઝા મૂકતા એ વિકારભાવો હોય છે હોં!

'અમારા જીવનની વાતો તું મને પૂછીશ નહિ. તારું

આમાં કામ નહિ. એટલું જ સમજી રાખ, આ ભોજન તને નહિ પચે.'

'રાજન્! આપની રસવતી ન જમાડવી હોય તો કાંઈ નહિ. બાકી આવી ભીતિ આપ મને ન બતાવશો. આપ ક્ષત્રિય છો, જ્યારે હું બ્રાહ્મણ છું. ધર્મના સંસ્કારે રંગાયેલો છું. નિત્ય પૂજાપાઠ, જપ કરનાર બ્રાહ્મણ છું માટે આપે આવી કલ્પનાઓ કરવી ન જોઈએ એવી મારી સમજ છે. મારે પત્ની છે. સંસાર મેં જોઈ લીધો છે. મારે ચાર પુત્રો છે. જ્યેષ્ઠ પુત્રને ઘેર પણ પુત્ર છે. મારી પુત્રવધૂઓ પણ સંસ્કારી કુટુંબમાંથી આવેલી છે. બીજું તો બધુ ઠીક, પરંતુ અમારી સંસ્કારિતા માટે તો અમે જેટલું ગૌરવ લઈએ એટલું ઓછું છે.' ચિદાનંદે કહ્યું. આમ કહેતી વખતે તેના મોં ઉપર થોડીક સખ્તાઈ હતી; ધાર્મિકજન તરીકેની ખુમારી પણ ઊપસી આવી હતી.

'ચિદાનંદ! ધર્મના જ્ઞાનની બાબતમાં તું પહેલો; હું બીજો, કબૂલ છે. પરંતુ ક્યારેક અનુભવજ્ઞાન પણ શાસ્ત્રજ્ઞાન કરતા વધુ ઊંડી સમજણ આપી જતું હોય છે. મને ખરેખર એમ લાગે છે કે માણસે પવિત્ર જીવન જીવવું હોય તો પવિત્રતાની વાતો કરવાથી નહિ ચાલે; માત્ર શાસ્ત્રના સ્વાધ્યાયથી કે માત્ર ઈશ્વરના નામનો જપ કરવાથી પણ નહિ ચાલે. ગમે તેમ તો ય આ બધી ઔષધિઓ છે ને? પરંતુ માત્ર ઔષધિ આરોગ્ય પમાડતી નથી; ઔષધિ લેનારે કુપથ્યનો પરિત્યાગ પણ કરવો

જ રહ્યો; નહિ તો સેંકડો ઔષધોની ખીચડી બનાવીને ખાઈ જઈએ તો પણ આરોગ્ય ન મળે. પહેલી શરત છે, કુપથ્યનો ત્યાગ અને પછી ઔષધનું સેવન.

'ચિદાનંદ ! પવિત્ર જીવન જીવવા માટે અને એ સિદ્ધિ પામવા માટે તું અલબત્ત મંત્ર–જપાદિનું રસાયણ લઈ રહ્યો છે. પણ તેમાં તને જો કોઈ સિદ્ધિ મળી હોય તો તેમાં તારા જીવનમાં કુપથ્યનો અભાવ એ જ મહદંશે કારણ છે. તારા આહાર, વ્યવહાર વગેરે ખૂબ જ મર્યાદિત છે અને શાસ્ત્રનીતિ મુજબના છે. પણ જો તું રૂપવતી સ્ત્રીઓની સામે નજર નાંખવા લાગીશ; દૂધ–ઘીના સંગે ચડીશ; ઉદ્ભટવેષ પહેરીશ; રાત્રિના સમયે જ્યાં ત્યાં ભટકીશ; કામકથાઓ વાંચીશ તો ચિદાનંદ ! આ કુપથ્યો છે. એના સેવનથી તારા પવિત્ર જીવન ઉપર પાપાચારનાં મેલાં પાણી સર્વત્ર ફરી વળશે. તારા જેવા ધર્માત્માનું જીવન અંધકારમય બની જશે, આથી જ મારી ઉન્માદ-કારક રસવતીનું ભોજન કરવાની તારી ઇચ્છા પૂર્ણ કરતાં અચકાઉ છું.' ખૂબ આત્મીયતા દાખવીને બ્રહ્મદત્ત બોલ્યા.

'રાજન્ ! હવે ટૂંકું પતાવો. આપ મારામાં પૂર્ણ વિશ્વાસ રાખો. આપ વધુ પડતા ભયની લાગણીનો ભોગ બન્યા છો.'

'ચિદાનંદ ! તારી કલ્પના સાચી નથી. મારા જાત-અનુભવમાંથી પ્રગટ થયેલું આ બ્રહ્મજ્ઞાન છે. ભોગવિલાસમાં સતત ચકચૂર અમારું જીવન હોવા છતાં આવા ભોજન

વગેરેના કારણે અમને ક્યારેય તૃપ્તિ થતી નથી, શાંતિ મળતી નથી; નફરત જાગતી નથી. આગને અડનારો દાઝયા વિના કદી રહે ખરો? હા....ન અડે; તે ન જ દાઝે. પણ ન અડવાનો સંકલ્પ જ કેટલો કઠિન છે? આસમાનના તારા તોડવા સહેલ લાગે છે; પરંતુ વિષયોના સંપર્કથી દૂર રહેવાનો સંકલ્પ પણ અતિ કઠિન લાગે છે. હા...જો એટલું ય થઈ જાય તો પવિત્ર–જીવન જીવવાનું કઠિન રહેતું નથી. પણ એટલું થવું જ મહામુશ્કેલ છે ને?'

'રાજન્! આપે તો તત્ત્વજ્ઞાનના પહાડ ઉપર ચડવાનું શરૂ કરી દીધું. હું તો મૈત્રીના દાવે સપરિવાર ભોજનની પ્રાર્થના કરવા આવ્યો છું. શાસ્ત્રનાં તત્ત્વોનું વલોણું કરીને માખણ લેવા આવ્યો નથી. આપને મારી વાત મંજૂર હોય તો ભોજનાર્થે આવી જવાની મને આજ્ઞા કરો; એટલે આજે સાંજે જ મારા સમસ્ત પરિવાર સાથે આવી જાઉં. શુભકાર્યમાં વળી વિલંબ શાનો?'

મહારાજા બ્રહ્મદત્તે એક લાંબો નિસાસો નાખ્યો. એમની નજરમાં એક જ રાતમાં અનાચારથી બરબાદ થઈ જતું આખુંય વિપ્રકુટુંબ દેખાતું હતું. સમજાવવાના ઘણા પ્રયત્ન કરવા છતાં ચિદાનંદ એકનો બે ન થયો એનો એમને ભારે અફસોસ હતો. પણ હવે 'હા' પાડવા સિવાય બીજો કોઈ રસ્તો એને ન હતો. આખોય પ્રશ્ન કર્મની ગતિ ઉપર છોડી દઈને મહારાજા બ્રહ્મદત્તે કહ્યું, 'ચિદાનંદ! ભલે ત્યારે...આજે સપરિવાર ભોજન કરવા આવી જજે.'

અપાર આનંદ સાથે ચિદાનંદ ઘર ભણી વેગથી ચાલવા લાગ્યો.

ઘરમાં પગ મૂકતાં જ ચિદાનંદે સહુને ભેગાં કરીને સઘળી વાત માંડીને કરી. સહુ આનંદવિભોર બની ગયાં.

સાંજ પડતાં જ બધાં ય મહારાજા બ્રહ્મદત્તને ત્યાં મહેમાન બન્યાં; જમ્યાં. આવું ભોજન ! આટલો સ્વાદ ! સહુએ સાનંદાશ્ચર્ય અનુભવ્યું. ભોજનની વિવિધ વાનગીનું વર્ણન કરતાં કોઈ થાકતું નથી. ઘરે પહોંચ્યાં, રાત પડી, પથારીઓ પથરાઈ ત્યાં સુધી એ જ વાત; એ જ વિચાર.

સહુ સૂતાં. પણ આજે કોઈને ઊંઘ આવતી નથી. પેલા ભોજનના ઉન્માદી પરમાણુઓએ દરેકના ચિત્તનો કબજો લઈ લીધો હતો. અંધકાર જામ્યો. કાળા અંધકારને પણ શરમાવવું પડે એવી રમતો શરૂ થઈ. મા–દીકરો; સસરો–વહુ; પિતા–પુત્રી....કોઈ સંબંધ બાકી ન રહ્યો. એકેએકનાં અંતર ઉન્માદની આગે ઊભાં ને ઊભાં ભડકે જલતાં હતાં. એની જ્વાળાઓ દરેકના અંતરના પ્રત્યેક ખૂણાને અડી ચૂકી હતી. હવે આવું જ બને, બીજું સારું બનવાની અત્યારે કોઈ શકયતા જ ન હતી.

સવાર પડ્યું, પ્રકાશે એમના અઘટિત વર્તાવને હાથકડી પહેરાવીને કબજે કર્યો; ના...શાસ્ત્રના સ્વાધ્યાય; મંત્રના જાપ; ઈશ્વરનાં ભજન વગેરે બધાં ય એને હાથકડી પહેરાવવા માટે આ પળોમાં તો અસમર્થ જ હતાં. તપ,

ત્યાગ અને જપને જેનું જીવન વર્યું હતું તે બ્રાહ્મણ-પરિવારની કોણે આ અવદશા કરી ? ઈશ્વરે ? ના.... ઈશ્વર આવું દુષ્કૃત્ય શા માટે કરે ? કર્મે ના...કર્મને આ રીતે ફાંસીએ ચડાવીને છૂટી ન જવાય. તો કોણે આ દુર્દશા કરી ? એક જ ઉત્તર છે, ભોજન કરવાના અવળા પુરુષાર્થે કરી; જો આ અવળો પુરુષાર્થ થયો ન હોત તો આવું કશું જ ન થાત.

સવાર પડ્યું. પેલી અગનજ્વાળાઓ શાંત પડી અને ચિદાનંદે પોક મૂકી. બે હાથમાં પોતાનું મોં સંતાડીને એક ખૂણે લપાઈ ગયો.

એની પત્નીને થયું. ‘ ધરતી માર્ગ આપે તો હમણાં ઊતરી જઉં.’ આ મેં શું કરી નાખ્યું !

બધાયની આ સ્થિતિ હતી આર્યદેશનો માનવ પાપ કરી બેસે તો ય એનાં પાપોના પશ્ચાત્તાપે એ બળતો-જળતો પણ હોય જ. જેને પાપોના પશ્ચાત્તાપ પણ નથી એ આર્ય જ નથી. અઘોર પશ્ચાત્તાપ અને સતત અશ્રુપાતમાં આખો દિવસ પૂરો થયો.

પોતાનું સમસ્ત પવિત્ર જીવન કલંકિત થઈ ગયાના ખ્યાલથી ચિદાનંદ હજી ધ્રુજતો હતો, પણ હવે શું થાય ? આખા દિવસના ઉપવાસની આગ આંતરડામાં ભભૂકી હતી.

એ આગની જ્વાળાઓ એના ચિત્તને અડી ગઈ. પશ્ચાત્તાપના અગ્નિનું સ્થાન ક્રોધના અગ્નિએ લઈ લીધું.

જોતજોતામાં રૂંવાડે રૂંવાડે એ આગ ફેલાઈ ગઈ. એ દાંત કચકચાવવા લાગ્યો. એનું આખું શરીર કંપવા લાગ્યું. મૂઠી વાળતો એ બોલવા લાગ્યો, 'અમારા આખા કુટુંબનું સત્યાનાશ કોણે વાળ્યું?' અનાચારે? હા....પણ પેલા ભોજનને કારણે જ એ અનાચાર અમારા બધાયના જીવન ઉપર ફરી વળ્યો હતો ને?

તો શું રાજાના ભોજને? હા....એ ભોજન રાજાએ કરાવ્યું માટે જ અમારાં પવિત્ર જીવનોની લોથ વળી ગઈ ને? તો શા માટે રાજાએ એમને જમાડયા? શું કરવા એણે અમારા ભવોભાવ બગાડયા? અમે એનું કાંઈ બગા-ડયું હતું ખરું કે આ રીતે વેર વાળ્યું? હાય! કેવો નરાધમ રાજા! પણ એક પવિત્ર કૂળને કલંકિત કરવાની એને રમત સૂઝી! પણ ઓ દુષ્ટ! ઓ શેતાન! ઓ પાપીઆરા! હવે હું તને નહિ છોડું! હું તારી પણ ખબર લઈશ! તું રિબાઈ રિબાઈને મરે એવી તારી દશા કરીને જ જંપીશ. ઓ નીચ? યાદ રાખજે કે પહેલો દાવ તારો હતો. હવેનો દાવ ચિદાનંદનો છે.'

ફાવે તેમ બબડતો ચિદાનંદ એ જ પળે ઘરમાંથી બહાર નીકળ્યો. કુટુંબીજનો એને જોઈ રહ્યાં હતાં.

કોઈ સંકલ્પ સાથે એ ક્યાંક જઈ રહ્યો હોય એમ એની ચાલ ઉપરથી સમજાતું હતું. વારાણસી નગરીના એક ખૂણા ઉપર રબારીઓનો વાસ હતો. ચિદાનંદ એ વાસમાં ગયો. ત્યારે રાતના બાર વાગ્યા હતા. ચિદાનંદ

એક ડેલીએ જઈને થોભ્યો. ટકોરા માર્યા. ડેલી ખૂલી. એનો મિત્ર ભૂપત બહાર આવ્યો. 'કોણ છે?' ભૂપતે પૂછ્યું, અવાજ ઉપરથી ઓળખી કાઢીને ચિદાનંદ બોલ્યો.' મિત્ર ભૂપત! તને જ મળવા આવ્યો છું. ખૂબ ગંભીર વાત છે; અહીં ઊભા ઊભા ન કરાય. ચાલ અંદર જઈને બેસીએ.'

બેય અંદરના ખંડમાં ગયા. ભુપત ચિદાનંદનો દિલોજાન દોસ્ત હતો એટલું જ ન હતું, પરંતુ ચિદાનંદને એ પોતાના વડીલ તરીકે જોતો હતો. ચિંદાનંદે છેલ્લા બે દિવસની બધી જ ઘટનાઓ પેટ–છૂટી કહી. આ બધી બરબાદીનો જનક બ્રહ્મદત્ત હતો એ વાત એણે ભુપતને ઠસાવી દીધી.

ભુપતે કહ્યું, 'ચિદાનંદ! હવે તમે શું કરવા માંગો છો? એમાં મારે કોઈ સેવા આપવાની હોય તો હું મધરાતે પણ તૈયાર છું એમ સમજજો.'

ચિદાનંદે કહ્યું, 'હવે મારે તારું જ કામ છે ભુપત! પ્રથમ પંક્તિના ગોફણબાજ તરીકેની તારી નામના છે. તારે એ કળાનો ઉપયોગ કરવાનો છે.'

ભૂપતની નજદીક સરકીને એના કાનમાં ધીમેથી ચિદાનંદે કહ્યું, 'કેટલાક દિવસ બાદ મહારાજા બ્રહ્મદત્તની સવારી નીકળવાની છે. જ્યારે એ સવારી ગામના નાકે આવે ત્યાર પહેલાં તારે ત્યાં રહેલા ઘેઘૂર વડલામાં ભરાઈને બેસી જવું.

'ભૂપત ! રાજાનો હાથી જેવો તે વડલા નજદીક આવે કે તરત જ ઉપરાઉપરી બે વાર તારે ગોફણ છોડવી. બસ....બે જ પથ્થર બસ છે. રાજાની બે આંખ... અને તારા બે પથ્થર...સમજી ગયો ને ?' સ્મિત કરતાં ચિદાનંદે પૂછયું.

ગાડરના સંગે રહીને ગાડર જેવા જડ બનેલા ભૂપતે હકારમાં માથું ધુણાવ્યું. ચિદાનંદે ખિસ્સામાં હાથ નાંખ્યો. ભૂપતની પથારી ઉપર પૈસાનો ઢગલો કરી દીધો. અને તરત જ ઊભો થઈને ચિદાનંદ ડેલીમાંથી નીકળી ગયો.

'ચિદાનંદ ! ચિદાનંદ ! જરાક થોભો ! મારી વાત તો સાંભળો ! ભૂપતની ઉપરાછાપરી બૂમોની ચિદાનંદે અવગણના કરી.

નગરયાત્રાનો દિવસ આવી ગયો. 'ચક્રવર્તી મહારાજાનો જય હો.' ગગનભેદી નાદ સાથે મહારાજા બ્રહ્મદત્તની સવારી નીકળી. આખું નગર આ નગરયાત્રામાં જોડાયું હતું. સહુ હર્ષવિભોર હતા.

નગરયાત્રા નગરની બહાર આવી. ઘેઘૂર વડલાની સાવ નજદીકમાં ચક્રવર્તી મહારાજા બ્રહ્મદત્તનો હાથી આવ્યો અને...સનનન...કરતો અવાજ આવ્યો. મહારાજા બ્રહ્મદત્તની જમણી આંખે પથ્થર વાગ્યો કે ન વાગ્યો ત્યાં તો ફરી સનનન...અવાજ આવ્યો અને ડાબી આંખે પથ્થર અફળાયો. એક મોટી ચીસ નાંખીને મહારાજા બ્રહ્મદત્તે બે હથેળીઓથી બે ય આંખોને જોરથી દાબી

દીધી. આંખમાંથી લોહીની ધાર તૂટી પડી હતી અને માંસના લોચા બહાર નીકળી ગયા હતા. બે ય ડોળા ફૂટી ગયા હતા.

સિપાઈઓએ વડલા તરફ દોટ મૂકી. ભૂપત પકડાઈ ગયો. આખા નગરમાં હાહાકાર મચી ગયો. ચક્રવતીં રાજા બ્રહ્મદત્તને તાત્કાલિક સારવાર આપવામાં આવી પણ હવે તેઓ સંપૂર્ણપણે અંધ બની ચૂકયા હતા. એમના જીવનનો સઘળો ય આનંદ ખતમ થઈ ગયાની કલ્પનાએ તેમનો આત્મા ક્રોધે ભભુકી ઊઠતો હતો.

બીજા દિવસે સવારે દરબાર ભરાયો. ભુપતને ધિક્કારતા લોકોની હકડેઠઠ મેદની જામી હતી. ભુપતનું શું થશે ? તેણે આમ શાથી કર્યું હશે ? વગેરે અનેક કુતૂહલોએ પ્રજાનું માનસ ક્ષુબ્ધ બન્યું હતું.

બે ય આંખે પાટા બાંધીને મહારાજા બ્રહ્મદત્ત સિંહાસન ઉપર બિરાજ્યા. ભુપતને બંદી તરીકે તેમની સમક્ષ ખડો કરવામાં આવ્યો. ભુપત થરથર કંપતો હતો. એટલું જ નહિ, પણ પોતે આવું ભયાનક કુકર્મ કરી નાખ્યું તે બદલ પોતાની જાતને ધિક્કારી રહ્યો હતો. ક્રોધથી ધમધમતા રાજાએ ભુપતને પૂછયું, 'મારી આંખો શા માટે ફોડી નાખી ? કાંઈ કારણ ?'

પશ્ચાત્તાપથી ધ્રુસકે રડી પડીને ભુપતે કહ્યું, 'મારો અપરાધ અક્ષમ્ય છે. મને જલદીથી ફાંસીના માંચડે

ચડાવો. હાય! કોઈના કહેવાથી મેં કેવું અધમ કાર્ય કરી નાંખ્યું?'

રાજાએ પૂછયું, 'કોના કહેવાથી તેં મારી આંખો ફોડી?'

'રાજન્! વિપ્ર ચિદાનંદના કહેવાથી.' ભુપને કહ્યું.

'ચિદાનંદના કહેવાથી? કયો ચિદાનંદ? જેને મેં સપરિવાર ભોજન આપ્યું હતું તે જ કે બીજો કોઈ? એ તો મારો બાળગોઠીઓ! એણે આ કામ તારી પાસે કરાવ્યું?' રાજાએ એકદમ પૂછી નાખ્યું.

'જી હા. એ જ ચિદાનંદ! એણે જ મારી પાસે આ કામ કરાવ્યું છે.'

'પકડી લાવો ચિદાનંદને!' રાજાનો હુકમ છૂટયો, ચિદાનંદનું નામ સાંભળતાં જ નાગરિકો સ્તબ્ધ થઈ ગયા. "અસંભવ અસંભવ...ચિદાનંદ જેવો ધર્માત્મા આવું અધમાધમ કાર્ય આચરે જ નહિ." નગરજનો ગણગણુતા હતા.

થોડી જ વારમાં સિપાઈઓ ચિદાનંદને પકડી લાવ્યા. એ ખડખડાટ હસતો હતો. એને જોતાં જ એમ લાગે કે એ લગભગ પાગલ જેવો થઈ ગયો હશે. વાત પણુ એમ જ હતી. પોતાનું પવિત્ર જીવન હારી નાંખ્યાના કડવા–ઝેર જેવા સત્યની સ્મૃતિએ એના મન ઉપર સજ્જડ લપડાકો મારી હતી. એનું મન ખાલી ખાલી થઈ ગયું હતું.

રાજાએ એની ઝડતી લીધી. ઘણા પ્રશ્નો ફેરવી ફેરવીને પૂછયા. પણ સત્ય ઉત્તર તો એક જ હોય જે કાંઈ બન્યું હતું તે બધું ય અક્ષરશઃ ચિદાનંદે જણાવી દીધું.

નગરજનોમાં ફરી ગણગણાટ શરૂ થયો. "શરમ! શરમ!"નો અવાજ ચારે ખૂણેથી આવવા લાગ્યો.

મહારાજા બ્રહ્મદત્તે ચિદાનંદને કહ્યું, "ઓ મૂર્ખ! મેં તને અત્યંત સ્પષ્ટ શબ્દોમાં નહોતું કહ્યું કે, આ ભોજનને તમે લોકો નહિ પચાવી શકો? એ અત્યંત ઉન્માદજનક છે? છતાં તું ન માન્યો અને તમારું સહુનું જીવન ભ્રષ્ટ થયું. આમાં વાંક તારો કે મારો? ઓ અધમ! આવેશમાં આવી જઈને તેં મારી આંખો ફોડાવી નાંખી?"

આટલું બોલતાં બ્રહ્મદત્ત ક્રોધથી લાલપીળા થઈ ગયા.

સિપાઈઓ! હમણાં જ બે સોયા લાવીને એ દુષ્ટની આંખો ફોડી નાંખો. ના એટલું જ નહિ; જ્યાં મારી આણ પ્રવર્તે છે એ તમામ નગરોના તમામ બ્રાહ્મણોની આંખો ફોડી નાંખો. એ આંખોના ડોળાના થાળ ભરીને મારી પાસે હાજર કરો. નરાધમ ચિદાનંદ! તેં તો મને એકલાને અંધ કર્યો, પણ હવે હું તારી આખી જાતિને અંધ બનાવીશ. ઓ પહેરેગીરો! નાનકડા બાળક

પણ છોડશો નહિ; કોઈ વૃદ્ધને પણ દયાથી જવા દેશો નહિ. જાઓ હમણાં જ ચારે બાજુ નીકળી પડો.”

થોડી જ વારમાં ચિદાનંદ અને તેના આખા કુટુંબની આંખો ફોડી નાંખવામાં આવી. સભાજનોએ કરુણ ચીસો સાંભળી. કેટલાક સભાજનો ત્યાં જ બેભાન થઈને પડી ગયા.

ચિદાનંદ અને તેનાં કુટુંબીજનોની આંખોના ડોળાનો થાળ હાથમાં લઈને બ્રહ્મદત્ત બે હાથથી એ ડોળા ચોળવા લાગ્યા. અને ખડખડાટ હસવા લાગ્યો. “હાશ! પાપીના પાપનો બદલો વળ્યો, હાશ! હજી તો આવી લાખો આંખો ચોળી નાંખીશ; પછી જ મને શાન્તિ વળશે.”

સભાજનો વિખરાયા.

મન્ત્રીમંડળ ભેગું થયું. વિચાર કરતાં એકમતે સહુએ નક્કી કર્યું કે એકના વાંકે આખી જાતિને સજા કરાય જ નહિ. પણ મહારાજા બ્રહ્મદત્તની આજ્ઞાનું શું? એમને શી રીતે આશ્વાસન આપવું.?

એક વૃદ્ધ મન્ત્રીએ કહ્યું, “શાસ્ત્રનિરપેક્ષ આજ્ઞા; ગમે તેની હોય; આપણે તેને માન્ય કરી શકીએ નહિ. પહેલી આજ્ઞા ધર્મશાસ્ત્રની અને પછી એ ધર્મશાસ્ત્રની આજ્ઞાને માન્ય રાખતી બધી આજ્ઞાઓ, હવે રહી મહારાજાને આશ્વાસન આપવાની વાત! એ માટે મેં એક યોજના વિચારી છે તે સહુ સાંભળો.

આંખોના ડોળાને બદલે ગુંદાના ચીકણા ઠળીઆ ભરેલો થાળ આપણે રોજ મહારાજાને આપીએ. હવે તેઓ અંધ છે. આપણે જે સમજાવશું તે સમજીને સ્વીકારી લેશે. આમ થતાં નિરપરાધીની હત્યાઓના મહાપાપમાંથી આપણે ઊગરી જશું અને મહારાજાને આશ્વાસન પણ આપી શકશું.

'બરોબર....તદ્દન બરોબર.' એકી અવાજે બધા મંત્રીઓ બોલી ઊઠયા. બીજા દિવસથી રોજ સવારે ગુંદાના ઠળીઆઓનો થાળ મહારાજા બ્રહ્મદત્તની પાસે રજૂ કરવાનો ક્રમ શરૂ થઈ ગયો. મહારાજાને એ વાત ઠસાવી દેવામાં આવી કે એ ફોડેલી આંખોના ડોળા જ છે, પળે પળે મહારાજા બ્રહ્મદત્ત બોલ્યા કરે છે. 'હાશ! પાપીના પાપનો બદલો લીધો. વૈરની વસૂલાત વૈરથી જ કરી. હાશ!' થોડી થોડી વારે પેલા થાળ પાસે જાય છે અને ઠળીઓ ચોળીને વળી એ વાકય બોલે છે, લગાતાર સોળ વર્ષ સુધી આ વૈરની જવાળાઓ અખંડિત રીતે મહારાજા બ્રહ્મદત્તના અંતરમાં ભભૂકતી રહી.

મહાહિંસાના આ અતિક્રૂર પરિણામ સાથે જ મહારાજા બ્રહ્મદત્ત મૃત્યુ પામ્યા. સીધા સાતમી નારકના બારણે ટકોરા માર્યા. તેત્રીસ સાગરોપમનાં અસંખ્ય વર્ષો સુધી હવે ત્યાં જ રહેવાનું ઘોર દુઃખ! સીતમગાર પાપ! એ બેયની બનેલી ઘંટી વચ્ચે બસ પિલાયા જ કરવાનું. દુર્ગતિ ભોગવીને ય સદ્દગતિમાં જવાનું નહિ. ક્રૂર

દુર્ગતિમાં ગમન! ફરી પાપ! ફરી દુર્ગતિ! કોણ જાણે કેટલો ય કાળ આમ ને આમ વહી જશે મહારાજા બ્રહ્મદત્તના આત્માનો!

ચાલો, થોડી છેલ્લી પળો માટે એ આત્માના ભૂતકાળમાં ડોકિયું કરીએ. જુઓ ક્રમબદ્ધ રીતે એ આત્માની ચડતી–પડતીઓ! ચંડાલપુત્ર સંભૂતિ! વીણાવાદક સંભૂતિ! મુનિવર સંભૂતિ! મહાતપસ્વી સંભૂતિ મુનિવર! એક પછી એક પગથિયું ચડતો જાય છે એ આત્મા.

પણ સ્ત્રીના રાગે એને લપડાક મારી દીધી! સનત્કુમાર ચક્રીની પત્ની સુનંદાના વાળની સુંવાળી લટનો સ્પર્શ પામતા સંભૂતિમુનિ ઉદ્વેગ્ન સંભૂતિમુનિ! ત્યાગ–તપના કઠોર જીવનમાં કમાયેલા પુણ્યના વૈભવનો ભોગ દઈને ચક્રવર્તીપદ માંગતા ભોગલંપટ સંભૂતિ મુનિ! મિત્રમુનિની સાચી શીખને અવગણતા નઠોર સંભૂતિ મુનિ!

ખોળિયું પલટાય છે.

ભીખી માંગેલું ચક્રવર્તીપદ પ્રાપ્ત થાય છે, પણ એ ભીખાં માંગેલું હતું; વણમાગ્યું મળ્યું તો ન જ હતું. માટે જ એ પદની ટોચ પામીને ભોગવિલાસના પાપમય સંસારનાં કાળાં પાણી જીવન ઉપર ફરી વળે છે.

ભીખી માગેલાં પુણ્યના ભરોસા ન હોય. પુણ્ય પરવારે છે અને ચક્રવર્તી રાજા બ્રહ્મદત્ત અંધ રાજા બ્રહ્મ-

દત્ત અંધ રાજા બ્રહ્મદત્ત બને મહાદુઃખી અને મહાપાપી રાજા બ્રહ્મદત્ત બને છે અને છેલ્લે સાતમી નરકનો નારક બનીને કરુણ ચીસો પાડે છે. પાપમય અને દુઃખમય સંસારની અનંતતાના પ્રવાસે એ અભાગી આત્મા ચાલ્યો જાય છે.

હાય! કોના પાપે સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માની આટલી અધોગતિ થઈ! કોણે પુણ્યને ભીખી માંગવાના મનસૂબા કરાવ્યા? કોના પાપે ચક્રવર્તી રાજાને અંધત્વ પ્રાપ્ત થયું? કોના પાપે પુણ્યવંતો રાજા પુણ્ય કરવાને બદલે ભોગવિલાસના પાપી પંથના રવાડે ચડ્યો?

અય, રાગ! તારા જ પાપે ને?

સદાય બાર ગાઉ છેટા રહેજો, વિષયોની સામગ્રીથી; એના રાગથી! એ રાગના ય રાગથી!

કદી ભીખી માંગશો નહિ, ધર્મ મહાસત્તા પાસે! પુણ્યનો વેપાર કદી કરશો નહિ; વણમાંગ્યા ભલે ચાલ્યાં આવે. હા, એવાં પુણ્ય તે ઘણાં સારાં. ઘણાં જ આવકારદાયક.

જય હો, ધર્મ મહાસત્તાનો.

હજારો બંધુઓને કાયમ માટે કશાય લવાજમ વિના મોકલાતા

**મુક્તિદૂતને આપો સહકાર**

આપ સહુના ઔદાર્યભર્યા સહકાર ઉપર જ આ માસિક હરણ-ફાળે આગેકૂચ કરી રહ્યું છે. કમલ પ્રકાશન એ પબ્લિક ટ્રસ્ટ છે. "**કમલ પ્રકાશન ટ્રસ્ટ**"ના નામનો ચેક કે ડ્રાફ્ટ આજે જ કાર્યાલય ઉપર મોકલીને આપનો અમૂલ્ય સહકાર આપો.

**આપના કોઈપણ પ્રસંગમાં મુક્તિદૂતને ભૂલશો નહિ**

**વાર્ષિક લવાજમ રૂ. ૫-૦૦**

**ત્રિવાર્ષિક રૂ. ૧૫-૦૦ આજીવન સભ્ય રૂ. ૧૦૦-૦૦**

# મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં પ્રાપ્ય પ્રકાશનો

પ્રાપ્તિસ્થાન : **કમલ પ્રકાશન ટ્રસ્ટ**, ૫૦૮૨/૩, બીજે માળે,
રતનપોળના નાકે, ગાંધીરોડ, **અમદાવાદ-૩૮૦૦૦૧.**

૧. શરણાગતિ ... ૨-૦૦
વ (અનન્તનાં પત્રો)... ૦-૦
૨. ઊંડા અંધારેથી
... ... ... ૧૦-૦૦
૩. અધ્યાત્મસાર
... ... ... ૬-૦૦
૪. ગુરૂમાતા ...
૫. કાનજીભાઇ મત પ્રતિકાર ... ... ... ૩-૦૦
૬. ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પત્રો)... ૪-૦૦
૭. વિજ્ઞાન અને ધર્મ ... ... ... ૧૦-૦૦
૮. જાગતા રે'જો ... ... ... ૬-૦૦
૯. જાંબૂવાલા ગ્રંથમાળા(વીસ પુસ્તિકાનો) સેટનું મૂલ્ય ૨૦-૦૦
૧૦. જાંબૂવાલા ગ્રંથમાળા સેટ ૧૯૭૧ (હિન્દીમાં) ૨-૫૦
૧૧. જીવનઘડતર વાંચનમાળા (વીસ પુસ્તિકાનો) સેટના ૧૫-૦૦
૧૨. આંધી આવી રહી છે ... ... ૧૦-૦૦
૧૩ બ્રહ્મચર્ય ... ... ... ૩-૦૦
૧૪. રામાયણના પ્રેરક પ્રસંગો ... ... ... ૫-૦૦
૧૫ ચાર પુરુષાર્થ ... ... ... ૩-૦૦
૧૬. ત્રિલોકગુરુ મહાવીરદેવ (હિન્દી) ... ... ૧-૦૦
૧૭. ત્રિલોકગુરુ મહાવીરદેવ (અંગ્રેજી) ... ... ૧-૦૦
૧૮. આપણે ફેર વિચારીએ ... ... ... ૫-૦૦
૧૯. વીરસૈનિક (હિન્દી) ... ... ... ૧-૫૦
૨૦. અપૂર્વ સ્વાધ્યાય ... ... ... ૧૦-૦૦
૨૧. વિરાગ વેલડી ... ... ... ૬-૦૦
૨૨. મુક્તિદૂત માસિક ફાઇલ વર્ષ ૩,૪,૫,૬,૭ દરેકનું મૂલ્ય ૫-૦૦
૨૩. મહામારિ ... .. ... ૨-૦૦

---

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની કોમળ અને કઠોર કલમે કંડારાતું માસિક

## " મુક્તિદૂત "

સંપાદક ; **હસમુખ સી. શાહ**

**લવાજમ : વાર્ષિક રૂા. ૫-૦૦ ત્રિવાર્ષિક રૂા. ૧૫-૦૦**

**આજીવન સભ્ય રૂા. ૧૦૦-૦૦**

# ચાલો; સંકલ્પ કરીએ

રોકેટ યુગના ભોગસમૃદ્ધ માનવીના જીવનમાં કેવા કેવા ફેલાયા છે પાપ! મોટર કંપનીઓ તો દર વર્ષે નવા મોડેલની મોટરો જગતમાં મૂકે છે. પણ પાપો તો રોજ નવા મોડેલના બહાર પડતાં જાય છે! અફસોસ.

સર્વથા પાપમુક્ત મુનિજીવન જીવાય તો કેવું સુંદર! પણ છેવટે નકામા પાપોથી તો ફારગતિ લેવી જ ઘટે.

પાપો ત્રણ જાતના છે. જરૂરીઆતના પાપ, સગવડના પાપ અને શોખના પાપ.

સિનેમા, હોટલ, ભપકાદાર કપડાં, સેન્ટ, અત્તરો, પફ-પાવડરો, ક્લબો, જમખાનાઓ
વગેરે શોખના ... જાય છે! અફ... આજે
એટલો સંકલ્પ પાપમુક્ત મુનિજીવન ...ા આવા
તમામ પાપોને ! પણ છેવટે નકામા જંપીશ.
ભૂલશો ન ી જ ઘટે.
સાદગી તમ... જાતના છે. જરૂરી...

સગવડ તો મોટો રોગ છે.

અને શોખમાં તો જીવનનું મોત છે.

મૂલ્ય ૧-૦૦ ટાઈટલ: પપુ પ્રિન્ટર્સ. ખાનપુર, અમદાવાદ-એ...